જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૪-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાઈને કેબિનેટ મંત્રી બનેલા જવાહર ચાવડા ભાન ભૂલ્યા

'હું તમારો બાપ છું': જવાહર ચાવડાના બફાટથી પત્રકારોમાં આક્રોશ

જવાહરે ગુસ્સા સાથે કહ્યું કે પત્રકારોમાં સૌથી મોટો પ્રશ્ન હતો કે કોંગ્રેસમાંથી ભાજપમાં શા માટે ગયા ત્યારે અરે ભાઈ વાંધો તારા બાપને હતો જ ને..!!

ગાંધીનગર

કહેવત છે કે ધોળીયા સાથે કાળીયાને બાંધો તો વાન ના આવે પણ સાન તો આવે. આવી જ હાલત કોંગ્રેસમાં ઓછા બોલા,મિતભાષી ગણાતા કોંગ્રેસમાં ધારાસભ્ય પદે ચૂંટાઈને ભાજપમાં જોડાયા અને સીધુ જ મંત્રી પદ મળી ગયું તે સાથે જ સત્તાનો મદ પણ ચડી ગયો. જેમના પિતા પણ ધારાસભ્ય હતા અને તેમનું સુવાસ પણ ચારે તરફ ફેલાયેલી હતી. પ્રજા અને પત્રકારોને હર હંમેશ પ્રશ્નોના સરળતાથી જવાબ આપીને લોકપ્રિય બનેલા અને આ તેમના સુપુત્ર તેમના પિતાની લોકપ્રિયતાને કારણે ધારાસભ્ય તરીકે માણાવદરમાંથી કોંગ્રેસની ટિકિટ ઉપર ચૂંટાઈને આવ્યા હતા. કોંગ્રેસમાં હતા ત્યાં સુધી તો દરેક સાથે પ્રેમથી વાતો કરતા હતા અને પત્રકારોને તો શાંતિથી જવાબો આપતા અને તે પણ હસતા ચહેરે. અને આ કારણે તેમની આગવી છાપ ઊભી થઈ હતી. પરંતુ કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયા ત્યારે તેમને જાહેરમાં કહ્યું હતું કે મને કોંગ્રેસમાં કોઈ તકલીફ ના હતી. કે કોઈની સાથે વાંધો ન હતો. અને આખરે તેમનું પોત જાહેરમાં પ્રકાશ્યું. ત્યારે લાગ્યું કે જવાહર ચાવડા મંત્રી બન્યા પછી ઘમંડમાં રાચવા સાથે જાણે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ હોય તે રીતે લોકો સાથે વાણી-વ્યવહારમાં વર્તન કરવા લાગ્યા. દરમ્યાન પત્રકારો તેમને મળતા રહેતા અને મોટાભાગના એક સવાલ કરતા રહેતા કે તમે ભાજપમાં કેમ ગયા..? શું લોકો સાથે વિશ્વાસઘાત નથી..? વગેરે વગેરે સવાલ કરતા રહેતા હતા.

દરમ્યાન એક જાહેર કાર્યક્રમમાં તેમને પોતાનો બખાળો વ્યક્ત કર્યો હતો. **જવાહર ચાવડાએ પોતાનું મંતવ્ય રજુ કરતા સમયે ગુસ્સા સાથે કહ્યું કે પત્રકારોમાં સૌથી મોટો પ્રશ્ન હતો કે કોંગ્રેસમાંથી ભાજપમાં શા માટે ગયાપછી વાંધો હતો ત્યારે અરે ભાઈ વાંધો તારા બાપને હતો જ ને કહીને બળાપો કાઢ્યો હતો** ત્યારે લાગ્યું કે કોંગ્રેસમાં જે જવાહર ચાવડા હતા તે ભાજપમાં આવતા અને મંત્રી બનતા હવામાં ઉડવા લાગ્યા છે. તે સાથે તેમની વાણી પણ બદલાઇ ગઈ છે. પોતે જાણે ભાજપમાં સર્વેસર્વા છે અને રાષ્ટ્રીય પ્રમુખ હોય તે રીતે વાણી-વર્તન કરવા લાગ્યા છે ત્યારે લોકોમાં એવા સવાલ ઉદ્ભવવા પામ્યા છે કે તેઓ તેમને મળેલા સંસ્કાર લજવી રહ્યા છે તેઓ માણાવદરમાં મળેલા સંસ્કારો ભૂલી માણાવદરની સાથે ભાજપનું નામ પણ લજવી રહ્યા છે. પણ હવે લોકોમનાં પણ ગણગણાટ થવા લાગ્યો છે કે લાલો લાભ વગર.



એક કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે જવાહરના આ નિવેદનની સોશિયલ મીડિયામાં ખાસ્સી ટીકા થઈ છે. ઘણા વરિષ્ઠ પત્રકારોનું કહેવું છે કે બાપ કોને કહેવાય એ એમને શીખવું જોઈએ, પછી બોલવું જોઈએ.

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના પત્રકારોનું માનવું છે કે, આ રીતે જાહેર કાર્યક્રમમાં પત્રકારો વિરુદ્ધ ટિપ્પણી કરી પ્રજા પાસે તાળી પડાવવી એ યોગ્ય નથી અને એક કેબિનેટ મંત્રી તરીકે જવાહર ચાવડાને આ શોભતું નથી. એક પત્રકાર તરીકે અમારુ માનવું છે આ મામલે તેમને તમામ પત્રકારોની માફી માંગવી જોઈએ. એટલું જ નહીં, જવાહર આ મામલે પત્રકારોની માફી ન માગે ત્યાં સુધી તેમનું કોઈ પણ પ્રકારનું કવરેજ કરવું જોઈએ નહીં અને રૂપાણી સરકારને પણ આ મામલે પત્રકારોએ મજબૂર કરવી જોઈએ.

પટના સાહિબથી શત્રુઘ્નસિંહાની ટિકિટ કપાઈ: રવિશંકર પ્રસાદ લડશે

પટના

બિહારમાં એનડીએ ગઠબંધને લોકસભા ચૂંટણી માટે ૪૦ સીટોમાંથી ૩૯ પર ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. એનડીએની રજૂ કરાયેલી યાદીમાં ભાજપના શત્રુઘ્ન સિન્હા અને શાહનવાજ હુસૈનની ટિકિટ કપાઈ છે, ત્યાં ગિરિરાજ સિંહને બેગૂસરાયથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ખગડિયાની સીટ પર હજુ ઉમેદવારની જાહેરાત થઈ નથી, જે રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપીના ખાતામાં છે. બીજીબાજુ મહાગઠબંધનમાં તમામ તિરાડ બાદ સીટોની ફોર્મ્યુલા નક્કી ચોક્કસ થઈ ગઈ છે પરંતુ હજુ નામોની જાહેરાત બાકી છે. કહેવાય છે કે હવે એનડીએની યાદી આવ્યા બાદ મહાગઠબંધનના ઉમેદવારોની યાદી પણ ટૂંક સમયમાં રજૂ થશે.

પટનામાં એનડીએ ઉમેદવારોની જાહેરાત થઈ તો બધાની નજર ગિરિરાજ સિંહ અને ભાજપના બાગી શત્રુઘ્ન સિન્હાની સીટી પર હતી. ગિરિરાજ સિંહને પાર્ટીએ બેગૂસરાયથી જ ઉમેદવાર બનાવ્યા છે. આપને જણાવી દઈએ કે ગિરિરાજ સિંહ નવાદા સીટ પરથી ચૂંટણી લડવા માટે અડિયલ હતા. જો કે હવે પાર્ટીએ તેમના નામની જાહેરાત કરી દીધી છે. ટિકિટ કપનારાઓમાંથી સૌથી મોટું નામ શત્રુઘ્ન સિન્હાનું છે. પટના સાહિબથી અત્યાર સુધી સાંસદ રહી ચૂકેલા સિન્હાને પાર્ટીની બગાવતની સજા આપતા ટિકિટ કાપી દીધી છે. તેમની જગ્યા એ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ ચૂંટણીમાં ઉતરશે. બીજીબાજુ રામકૃપાલ યાદવને ભાજપે પાટલિપુત્ર સીટ પરથી યથાવત રાખ્યા છે. તેઓ ૨૦૧૪મા આરજેડી છોડી ભાજપમાં આવ્યા હતા.

પિત્રોડાના નિવેદન પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષનો પલટવાર

કોંગ્રેસ શહીદોના લોહી પર રાજકારણ રમે છે,રાહુલ ગાંધી દેશની માફી માંગે: અમિત શાહ

ન્યુ દિલ્હી

ઈન્ડિયન ઓવરસીસ કોંગ્રેસ પ્રમુખ સૈમ પિત્રોડાએ એર સ્ટ્રાઈક પર ઉઠાવેલા સવાલો પર ભાજપના અધ્યક્ષ અમિત શાહે નિશાન સાધ્યું છે. શનિવારે શાહે પ્રેસ કોન્ફોરન્સમાં કહ્યું- સૈમ પિત્રોડાનું નિવેદન દુ:ખદ છે. કોંગ્રેસ શહીદોના લોહી પર રાજકારણ રમે છે. પિત્રોડાએ તેમના નિવેદન પર દેશની માંફી માંગવી જોઈએ.

શાહએ કહ્યું જ્યારે દેશના લોકો આતંકવાદથી ત્રાસેલા છે ત્યારે શું અમે વાતચીત કરીએ, શું કોંગ્રેસ અધ્યક્ષ આ વાત સાથે સહમત છે. કોંગ્રેસ દરેક ચૂંટણી આવવાની સાથે તૃષ્ટિકરણ અને વોટ બેક પર રાજકારણ કરે છે. તે તેમની પરંપરા છે. ઘણાં વર્ષોથી કોંગ્રેસે તેના બીજ વાવ્યા છે. શું વોટ બેકનું રાજકરણ શહીદો પર થઈ શકે છે. કોંગ્રેસના નેતાના આ નિવેદનથી શહીદોનું અપમન થયું છે. સુરક્ષા પર સવાલ સર્જાયા છે. આ સિવાય આતંકવાદીઓનું મનોબળ વધ્યું છે.

શાહે આ બાબતે વધુમાં જણાવ્યું કે તમે ભારતીય વાયુસેનાની ક્ષમતા પર શંકા કરો છો. શું કોંગ્રેસ અધ્યક્ષ આ બાબતે જવાબ આપશે. સર્જિકલ સ્ટ્રાઈકના સમયે કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે તમે લોહીની દલાલી કરો છે. હવે એર સ્ટ્રાઈક પર સવાલો કરી રહ્યાં છો, અંતે તમે કોની મદદ કરવા માંગો છો. જેએનયુમાં દેશવિરોધી નારેબાજી પર તમે તેનો સાથ આપો છો. કોંગ્રેસના નેતાઓ સતત વિવાદિત નિવેદનો આપે છે. તેમની વિરુદ્ધ કંઈજ થતું નથી, વોટ લેવા માટે રાજકરણ કરતા રહે છે. તે કોંગ્રેસના અધ્યક્ષની આસપાસ ફરતા રહે છે. આ રીતે તે સહમતિ છે. કોંગ્રેસ અધ્યક્ષે માંફી માંગવી જોઈએ.

કોંગ્રેસે ફરી ટ્વિટમાં ભૂલ કરી: શહિદ દિવસની તારીખ જ ખોટી લખી નાંખી

ન્યુ દિલ્હી

દેશ અને દુનિયાના ઈતિહાસના પાનામાં કેટલીય મહત્વપૂર્ણ ઘટનાઓ ૨૩મી માર્ચના રોજ નક્કી કરાઈ છે, પરંતુ ભારતીય ઈતિહાસમાં આ દિવસ કાળો દિવસ છે. આ દિવસ ભગત સિંહ અને તેમના સાથી રાજગુરૂ અને સુખદેવને ફાંસી આપવામાં આવી હતી. આજનો દિવસ ભારતીય લોકો શહીદ દિવસ તરીકે ઉજવાય છે અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર પોતાના વીર સપૂતોને યાદ કરે છે. શહીદ દિવસના અવસર પર કોંગ્રેસે પોતાના ટ્વિટર પર એક એવો ફોટો શેર કર્યો છે, તેને ફરી એકવખત તેની મંશા પર પ્રશ્ન ઉભો કરી દીધો છે. કોંગ્રેસને ભૂલ સમજાતા જૂની ટ્વિટ રિલીટ કરી ફરીથી નવી ટ્વિટ કરી. કોંગ્રેસ વીર સપૂતોના બલિદાનના દિવસને ભૂલી ગઈ છે અને ૨૩મી માર્ચની જગ્યાએ તેને ૨૪મી માર્ચ ગણાવી દીધી છે. કોંગ્રેસે પોતાના ટ્વિટર પર લખ્યું, આજે અમે શહીદ ભગત સિંહ, શહીદ સુખદેવ અને શહીદ રાજગુરૂના જીવનનું સમ્માન કરીએ છીએ. તેમણે અમારા દેશની આઝાદી માટે પોતાનું બલિદાન આપ્યું અને અંગ્રેજોની વિરૂદ્ધ બહાદુરીથી લડ્યા.

ભાજપના સંબિત પાત્રા પુરીથી, કોંગ્રેસના રાજ બબ્બર ફતેહપુર સીકરીથી લડશે

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણીને અનુલક્ષીને ભાજપે શુક્રવારે ૩૫ ઉમેદવાર સાથેની બીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં ૨૩ ઉમેદવારો આંધ્ર પ્રદેશના છે, જ્યાં પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલે મતદાન યોજાશે. ઉમેદવારોની યાદી મોડી રાત્રે જાહેર કરાઈ હતી. આ યાદીમાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાને ઓડિશાની જગન્નાથ પુરી બેઠકથી ઉમેદવાર જાહેર કરાયા છે. આંધ્ર પ્રદેશ ઉપરાંત મહારાષ્ટ્રના છ ઉમેદવારો અને ઓડિશાના પાંચ ઉમેદવારોના નામ આ યાદીમાં છે. આ યાદીમાં આસામ અને મેઘાલય બેઠકના એક-એક ઉમેદવારોના નામ પણ સામેલ છે. ભાજપે અગાઉ ધૂળેટી પર ધડાકો કરતા ૧૮૪ ઉમેદવારોના નામ સાથેની પ્રથમ યાદી જાહેર કરી હતી. જેથી હવે ભાજપે લોકસભા ચૂંટણી માટે કુલ ૨૨૦ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ભાજપે આંધ્ર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ૫૧ ઉમેદવારો, ઓડિશા વિધાનસભા ચૂંટણીના ૨૨ ઉમેદવારો તેમજ મેઘાલયની સેલસેલા વિધાનસભા ક્ષેત્રની પેટા ચૂંટણીના એક ઉમેદવારના નામની પણ જાહેરાત કરી છે.

કોંગ્રેસે ટિકિટ ફાળવણીનું ચિત્ર સ્પષ્ટ કરતા ૩૫ ઉમેદવારો સાથેની સાતમી યાદી શુક્રવારે રાત્રે જાહેર કરી હતી.







મોરબીના માળિયામા દેશી દારૂની રેલમછેલ, ચાર સ્થળે એલસીબીને દરોડા

માળિયા પંથકમાં દેશી દારૂના ધંધાર્થીઓ પર એલસીબી ટીમે ઘોસ બોલાવી હતી અને દરોડા કરીને ચાર સ્થળેથી દેશી દારૂનો આથો, દેશી દારૂ સહિતનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે

માળિયા પંથકમાં નવાગામ નજીક સીમમાં દેશી દારૂની ભઠ્ઠી ધમધમતી હોય તેવી બાતમીને આધારે એલસીબી ટીમે દરોડા કર્યા હતા જેમાં ચાર દરોડામાં પ્રથમ દરોડામાં નવાગામની સીમમાંથી ૪ બેરલ આથાના અને દેશી દારૂ સહીત ૩૫૪૦ નો મુદામાલ જપ્ત કર્યો છે જયારે આરોપી ઈમરાન જેડા રહે નવાગામ વાળાનું નામ ખુલ્યું છે જયારે બીજા દરોડામાં ૫ બેરલ આથો કીમત રૂ ૩૯૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે અને આરોપી અનવર જેડાનું નામ ખુલ્યું છે તે ઉપરાંત ત્રીજા દરોડામાં ૪ બેરલ આથો અને દારૂ સહીત ૩૫૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે અને આરોપી અમરૂદિન જેડાનું નામ ખુલ્યું છે તો અન્ય દરોડામાં આથો અને દારૂ સહીત ૨૮૦૦ નો મુદામાલ જપ્ત કરાયો છે અને આરોપી અસ્લમ જેડા રહે નવાગામ વાળા સામે ગુન્હો નોંધ્યો છે આમ ચાર સ્થળેથી દેશી દારૂ અને આથાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે જોકે ચારેય આરોપી હાજર નહિ મળી આવતા તેની સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બોટાદ પોલીસની ઈમાનદારી

બોટાદ પોલીસમાં ફરજ બજાવતા મહાવિરસિંહ પરમારને રૂ. ૨૮૦૦ ભરેલુ પાકીટ મળતા માલીકને ગોતી પરત કર્યુ



આજ રોજ તા.૨૩.૩.૨૦૧૯ ના રોજ બોટાદના ભાવનગર રોડ ઉપર M.T.શાખા માં ફરજ બજાવતા મહાવિરસિંહ પરમાર A.S.I.ને એક પાકીટ મળી આવ્યુ હતુ જેમા ચેક કરતા જરુરી ડોક્યુમેન્ટ અને ૨૮૦૦ રુપિયા રોકડા હતા મહાવિરસિંહ પરમાર દ્વારા તપાસ કરતા વિજયભાઈ બટુકભાઈ ચૌહાણ ભાવનગર વાળાનુ આ હોવાનુ જણાઈ આવ્યુ.તેઓ નો ભાવનગર પોલીસ દ્વારા કોન્ટેક કરતા ચોટીલા ચામુંડામાં ના દર્શન કરવા જતાં પાકીટ પડી ગયેલ તેઓ ને રુબરુ બોલાવી પાકીટ પરત કરતા વિજયભાઈ એ હર્ષની લાગણી અનુભવી મહાવીરસિંહ નો આભાર માન્યો હતો અને બોટાદ જીલ્લા પોલીસની પ્રસંસા કરી હતી આ રીતે બોટાદ જીલ્લા પોલીસની માનવતા મહેકી ઉઠી હતી.

મોરબીના ઊંટબેટ ગામેથી ગેર કાયદેસર બંદુક સાથે એક ઝડપાયો



મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે મોરબી જીલ્લામાં ગેર્કદ્દેસ્સાર હથિયારો રાખી અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો શોધી કાઢવાની સૂચનાને પગલે એસઓજી પીઆઈ જે એમ આલના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન એસઓજી ટીમના ભરતભાઈ જીલરીયા અને ધર્મેન્દ્ર પટેલને મળેલી બાતમીને આધારે મોરબીના ઊંટબેટ (શામપર) ગામે પાણીના ટાંકા પાસેથી આરોપી કરીમ ફૂલ્લુંભાઈ લુંણાઈ સંધી (ઉ.વ.૩૫) રહે ઊંટબેટ વાળાને દેશી બનાવટની મઝલલોડ (જામગરી) બંદુક નંગ ૧ કિમત ૨૦૦૦ સાથે ઝડપી લઈને આર્મ્સ એક્ટ મુજબ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

આ કામગીરીમાં મોરબી એસઓજી ટીમના કિશોરભાઈ મકવાણા, ઈશ્વરભાઈ કલોતરા, ભરતભાઈ જીલરીયા, ધર્મેન્દ્રભાઈ પટેલ અને ભરતસિંહ ડાભી સહિતનો સ્ટાફ રોકાયેલ હતો.

વાંકાનેરના ખેરવા ગામના શખ્શને પાસા હેઠળ જેલમાં ધકેલાયો



મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી બી જાડેજાની એલસીબી ટીમે જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબી દ્વારા ઈશ્યુ થયેલ પાસા વોરંટની બજવણી કરવા જરૂરી માર્ગદર્શન અને સુચના મળતા આરોપી અનિરુદ્ધસિંહ ઉર્ફે મોન્ટુભા ગંભીરસિંહ ઉર્ફે ગમભા ઝાલા રહે ખેરવા તા. વાંકાનેર વાળાને પાસા અટકાયતી હુકમ અન્વયે ડીટેઈન કરી મધ્યસ્થ જેલ વડોદરા મોકલવા તજવીજ હાથ ધરી છે.

મોરબીમાં યંગ ઈન્ડિયા ગ્રુપ અને નીલકંઠ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઈ



૨૩ માર્ચ શહીદદિને સહિદોને શ્રધાંજલિ માટે મોરબીમાં યન્ગ ઈન્ડિયા તહેવારોની કંઈક અનોખી અને જુદી જ રીતે ઉજવવા માટે જાણીતું છે ત્યારે આગામી ૨૩ માર્ચ શહિદ દિન નિમિતે ભારતને આઝાદી અપાવવામાં દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર ભગતસિંહ, સુખદેવ,રાજગુરુને શ્રધાંજલી આપવા માટે અને આજના યુવાનો, વિદ્યાર્થીઓ કાંતિકારીઓ વિશે, જાણે, સમજે એ માટે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,નિબંધ લેખનના વિષયો ૧.ભારતનો સ્વતંત્ર સંગ્રામ ૨.આઝાદીના ઈતિહાસની કાંતિકારી ચળવળ, ૩.આઝાદીના ઈતિહાસનું અવિસ્મરણીય પાત્ર એટલે સહિદ ભગતસિંહ.

નિબંધ લેખન માટે એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો,આ સ્પર્ધામાં ધોરણ ૮ થી કોલેજ સુધીના ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, ભાગ લેનાર તમામ ને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક એન બન્ને ગ્રુપમાંથી ૧થી ૩ નંબર પ્રાપ્ત કરનારને જાહેર કાર્યક્રમમાં સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે, સ્પર્ધાનિસફળ બનાવવા દેવેનભાઈ રબારી, દિનેશભાઈ વડસોલા, મનોજભાઈ જોષી, દક્ષાબેન, જે. પી પાડલિયા, નવનીતભાઈ કાસુંદ્રા વગેરેએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

ગાંધીધામના બુટલેગર તથા તેની સ્ત્રી મિત્રએ મંગાવેલ દારૂનો કુલ મુદામાલ રૂ. ૫૯,૫૬,૬૮૦/- સાથે સાત ઈસમોને ઝડપી પાડતી એલ.સી.બી./એસ.ઓ.જી. ગાંધીધામ



ચૂંટણીની નજીક આવી રહી ત્યારે મોટા પાયે ગાંધીધામ એલસીબી તથા એસઓજી દ્વારા ૩૭લાખનો દારૂ પકડી પાડ્યોછે. પરીક્ષિતા રાઠોડ પોલીસ અધિક્ષક, પૂર્વ કચ્છ, ગાંધીધામ નાઓની સુચના મુજબ પ્રોહી.ના કેસો પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન એલસીબી તથા એસઓજી ની ટીમે પીઆઇ જે.પી.જાડેજા એસ.ઓ.જી. નાઓની હકિકત આધારે ગાંધીધામ પડાણા રોડ ઉપર બી ડીવી.પોસ્ટેને સાથે રાખી એલ.સી.બી. તથા એસ.ઓ.જી. તથા ગાંધીધામ બી ડીવી. પોલીસ સ્ટાફ માણસોની ત્રણ ટીમો બનાવી બાત વાળા વાહનો તથા ઈસમોને પકડી પાડવા હાઈવે રોડ પર વોચ ગોઠવેલ,દરમ્યાન દારૂ ભરેલ ટ્રકની પાયલોટીગ કરતી સ્વીફટ કાર નં. જીજે ૧૨ બીઆર ૦૮૦૨ વાળી તથા ટ્રક નંજીજે-૧૬-એક્સ ૭૮૭૭ વાળીમાં ભરેલ, જેમાંતપાસ કરતા વિદેશી દારૂની બોટલો નંગ—૧૦૬૯૨ કિ.રૂ. ૩૭,૮૯,૦૦૦/- ,બીયરના ટીન નંગ- ૧૧૭૬ કિ.રૂ. ૧,૧૭,૬૦૦/-નો પ્રોહિ મુદામાલ,ટ્રક નં જીજે-૧૬—એક્સ-૭૮૭૭ વાળી કિ.રૂ.૧૫,૦૦,૦૦૦/-,સ્વીફ્ટ ડીઝાયર કાર નં જીજે-૧૨-બીઆર-૦૮૦૨ કિ.રૂ. ૫,૦૦,૦૦૦/-,ગુનામા ઉપયોગમા લીધેલ ફોન નંગ-૧૦ કિ.રૂ.૩૧,૦૦૦/-તથા વાઈફાય ડીવાઈસ નંગ-૧ કિ.રૂ.૩૦૦૦/ -તથા રોકડ રૂ.૧૬,૦૮૦/- આમ, કુલ મુદ્દામાલ ૫૯,૫૬,૬૮૦/-નો જપ્ત કર્યો છે.

આરોપીઓના નામો નીચે મુજબ છે.

૧)) ટ્રક ચાલક ધૈર્યસિંહ ચંદ્રસિંહ પરમાર મઉ.વ ૪૦ રહે. મ.નં ૧૩ બાગેશ્રી ટાઉનશીપ -૨, વર્ષામેડી તા.અંજાર

૨)) મહેશ ઉર્ફે લેમન મ્યાઝરભાઈ આહીર મઉ.વ ૨૬ રહે. મ્યાત્રા ફળીયુ અંતરજાળ તા.ગાંધીધામ

૩)) જથ્થો લઇ આવનાર રમેશકુમાર જગતપાલ બિશ્નોઇ મઉ.વ ૩૮ રહે. બીલોચાવાલા તા.પીલ્લી બંગા જી.હનુમાનગઢ રાજસ્થાન હાલ રહે. બાગેશ્રી પામ શીવરાજસિંહ શેખાવતની હવેલી ગળપાદર તા.ગાંધીધામ.

૪)) સરદારસિંહ હરીસિંહ રાઠોડ મઉ.વ ૩૪ રહે. કસુંબી ઉપાદરા તા.લાડલુ જી.નાગોર રાજસ્થાન હાલ રહે. બાગેશ્રી મ.નં ૧૧૬ ગળપાદર શીવરાજસિંહ શેખાવતના મકાનમાંતા.ગાંધીધામ.

૫)) મહેશ કાનાભાઇ ચાવડા (આહિર) મઉ.વ ૨૨ રહે. પ્લોટ નં ૨૬ શાંતીધામસે નં ૫ વર્ષામિડી તા.અંજાર મુળ રહે. નેર બંધડી તા.ભચાઉ.

૬)) જગદીશ પરબતભાઇ કોલી મઉ.વ ૨૬ રહે. માનસરોવર સોસાયટી ભચાઉ મુળ રહે. રોઝુ તા.સાંતલપુર જી.પાટણ.

૭)) રાજકુમાર સૈની મંગતુરામસૈની માલી મઉ.વ.૩૪ રહે, બાગેશ્રી પામ શીવરાજસિંહ શેખાવતની હવેલી ગળપાદર તા.ગાંધીધામ મુળ રહે, ઢોલાસ તા.લક્ષ્મણગઢ જી.શીકર રાજસ્થાન.

સદરહુ દારૂનો જથ્થો ભરી વેચાણ અર્થે મોકલનાર રવીન્દ્ર રહે,માણેસર હરીયાણા તેમજ વિદેશી દારૂનો જથ્થો ભરી ટ્રક ડ્રાઇવર નાઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી આમ મોટા પ્રમાણમા જથ્થાનુ કટીંગ/વેચાણ થતા પહેલા ઉપરોકત સાતેય ઈસમોને પકડી તમામ વિરૂધ્ધ ગાંધીધામ બી ડીવીઝન પો.સ્ટે. ફરીયાદ દાખલ કરાવી આગળની કાર્યવાહી અર્થે સોંપવામા આવેલ છે.

આ કામગીરીમાં જે.પી.જાડેજા પી.આઇ. એસ.ઓ.જી. તથા ડી.બી.પરમાર, પી.આઇ. એલ.સી.બી., એમ.એસ.રાણા પી.એસ.આઇ. એલ.સી.બી., એ.પી. જાડેજા, પી.એસ. આઇ. એલ.સી.બી., ડી.વી.રાણા પી.આઇ. ગાંધીધામ બી ડીવી., એન.એન. રબારી પી.એસ.આઇ એસ.ઓ.જી તથા એલ.સી.બી. સ્ટાફ માણસો લક્ષ્મણભાઇ આહીર, પ્રવિણસિંહ પલાસ, પ્રહલાદસિંહ ચુડાસમા, નરશીભાઇ પઢીયાર,રાજેન્દ્ર કુમાર પરમાર,બલભદ્રસિંહ જાડેજા, પૃથ્વીસિંહ,દેવાનંદ બારોટ, તખતસિંહ મનુભા, અજયસિંહ ઝાલા,કિર્તિભાઇ ગેડીયા, ગલાલભાઇ પારગી, મહિપાલસિંહ ઝાલા જોડાયેલ હતા.

ભારતના ક્રાંતિકારી વીર સપૂતો શહીદો થતા તેને લીંબડી ખાતે યુવા ભાજપના કાર્યકરો દ્વારા શહીદ દિન કાર્યક્રમ યોજાયો



ભારત તો વીરોની ભુમી કહેવાય છે. તેવા એક મહાન શહીદ વીર થઈ ગયાં જેમનું નામ હતું ભગતસિંહ. ન જાણે કેટલાયે વીરો થઈ ગયાં અહીયા અને આગળ પણ થશે પરંતુ ભગતસિંહ જેવા ન તો કોઈ પહેલા થયાં હતાં કે ન આગળ થશે. છતાં પણ તે દરેક વ્યક્તિ માટે એક જબરજસ્ત પ્રેરણારૂપ સમાન છે. જે ખુબ જ ઓછુ જીવ્યા પણ એકદમ ખુમારીથી અને કોઈ પણની ગુલામી વિના. તેઓ હાલ પણ દેશભક્તિની એક જીવતી જાગતી મિશાલ છે.

ભગત સિંહ કે જેમનુ નામ લેતા જ આપણી અંદર એક પ્રકારનું જનુન આવી જાય છે અને એક સાચા દેશભક્તની છબી આપણી સામે આવી જાય છે તેઓ માત્ર ૨૩ વર્ષની ઉંમરમાં જ શહીદ થઈ ગયાં હતાં અને આટલી નાની ઉંમરમાં પણ તેઓએ દેશ માટે ઘણુ બધુ કર્યું હતું. કે જેને આપણે સદીઓ સુધી ભુલી શકીએ તેમ નથી. તેઓ આજે પણ નવયુવાનો ને જાણે કે પ્રેરણા આપતાં હોય તેવું લાગે છે.

ભગત સિંહ ૧૯૦૭માં ૨૭મી સપ્ટેમ્બરે લયલપુરમાં બંગા નામના ગામમાં જન્મ્યાં હતાં. તેમની માતાનું નામ વિદ્યાવતી અને પિતાનું નામ સરદાર કિશનસિંહ હતું. ભગતસિંહ નાનપણથી જ દેશભક્તિના વાતાવરણમાં જન્મ્યા હતાં. પરંતુ કરતાર સિંહનાં મૃત્યુંની તેઓના મગજ પર ખુબ જ ઉંડી અસર થઈ હતી જેઓને તેઓ પોતાના આદર્શ માનતા હતા અને તેમને ૧૯ વર્ષની ઉંમરે ફાંસી પર લટકાવી દીધા હતાં. તેમને મનમાં નિશ્ચય કર્યો હતો કે ગમે તે થાય પરંતુ તેઓ અંગ્રેજોને ભારતમાંથી ભગાવીને જ જંપશે તેના માટે તેઓ પોતાની કુરબાની આપવા માટે પણ તૈયાર થઈ ગયાં હતાં.

જયારે જલીયાવાલા બાગનો હત્યાંકાંડ થયો હતો તે સમયે અંગ્રેજોએ હજારો નિર્દોષો પર ગોળીઓ ચલાવી હતી જે જોઈને ભગતસિંહનું મન ખુબ જ હચમચી ગયું હતું. તે વખતે તેઓએ ત્યાં પડેલા શહીદોના લોહીને અડકીને અંગ્રેજોને ભગાડવાની કસમ લીધી હતી. તેમના આ સાહસમાં તેમના ભાગીદાર હતાં સુખદેવ અને રાજગુરુ. જે તેમના ખાસ મિત્રો હતાં.

સાઈમન કમીશનને કારણે લાલા લજપતરાયનું મૃત્યું થયું હતું તેથી ભગતસિંહ અને રાજગુરુએ ભેગા મળીને સાયમન કમીશન મી. સુંદરની હત્યા કરી હતી. ત્યાર બાદ તેઓએ અંગ્રેજો દ્વારા જાહેર કરેલ 'યુનીયન ડીસપ્યુટ બીલ' અને ' પબ્લીક સેફ્ટી બીલ' નો વિરોધ કર્યો હતો. અને બ્રીટીશ ગવરમેન્ટની એસેમ્બલીમાં બોમ્બ ફેક્યો હતો. તેથી ભગતસિંહ અને તેમના મિત્રોની ધરપકડ કરવામાં આવી હતી. અને ત્યાર બાદ ૧૯૨૯, ૮મી એપ્રીલે ભગતસિંહ સહિત સુખદેવ, રાજગુરુ અને શિવારામને ફાંસી આપવામાં આવી હતી.

ફકત ૨૩ વર્ષની નાની ઉંમરમાં જ ભગતસિંહે દેશ માટે ઘણુ બધુ કર્યું હતું. તેથી તેમને શહીદ ભગતસિંહ કહેવામાં આવે છે. આજે પણ દેશમાં જો કોઈ નવયુવાન કાંઈ સાહસનું કામ કરે તો તેને ભગતસિંહ સાથે સરખાવવામાં આવે છે. ભારત એક મહાન દેશ છે કે જેમાં આવા શહીદ વીરો તે સમયે પણ હતાં અને અત્યારે પણ છે જે દેશના નામે કાંઈ પણ કરવા માટે તૈયાર છે. પોતાની માતૃભુમિની રક્ષા માટે આજે પણ બોર્ડર પર બેસીને તેની રક્ષા કરનાર યુવાનો છે કે જેઓ વિચારે છે અમને ચાહે ગમે તે થઈ જાય પરંતુ મારા રાષ્ટ્ર પર આંચ ન આવવી જોઈએ. તેથી તો આજે ભારત સામે આંખ ઉંચી કરીને જોવાની કોઈની હિંમત નથી થતી.

ભગતસિંહ જેવા શહીદવીરોને કારણે આપણને આઝાદી મળી હતી અને આજે તેવા જવાનોને કારણે આપણો દેશ સુરક્ષીત છે અને આપણે શાંતિથી રહી શકીએ છીએ. ધન્ય છે આવા જવાનોને અને ધન્ય છે તેમની જનેતાઓને પણ જેઓ આવા વીરોને જન્મ આપે છે.

મહેમાનોના વાહનો બિલ્ડીંગ બહાર પાર્ક કરવા ફરજ પાડી શકાય નહીં : પોલીસ કમિશનર

પોલિસ કમિશનરશ્રી સતિષ શર્માની અધ્યક્ષતામાં રોડ સેફટી કાઉન્સીલની બેઠક યોજાઈ: મહેમાનો માટે એપાર્ટમેન્ટની બહાર પાર્કિંગ કરવાના બિલ્ડીંગોના મનઘડંત નિયમો સામે પોલિસ કમિશનરની લાલ આંખ

સુરત

રાજ્યભરમાં અકસ્માતો નું પ્રમાણ ઘટે તથા લોકોની અમુલ્ય જિંદગીની સલામતી જળવાય તેવા આશયથી સરકાર દ્વારા જિલ્લા-મહાનગરોમાં રોડ સેફટી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. જે અન્વયે પોલિસ કમિશનરશ્રી સતિષ શર્માની અધ્યક્ષતામાં પોલિસ કમિશનર કચેરીના સભાખંડમાં શહેર રોડ સેફટી કાઉન્સીલની બેઠક યોજાઈ હતી.

રોડ સેફટી કાઉન્સીલના સભ્યની એક રજૂઆતના સંદર્ભમાં પોલિસ કમિશનરશ્રી સતિષ શર્માએ શહેરના એપાર્ટમેન્ટ, હાઈરાઈઝ રેસિડેન્સીયલ બિલ્ડીંગોમાં આવતા મહેમાનો માટે એપાર્ટમેન્ટની બહાર પાર્કિંગ કરવાના મનઘડંત નિયમો સામે લાલ આંખ કરતા જણાવ્યું કે, ખાસ કરીને મોટા વરાછા, યોગી ચોક, સરથાણા, કતારગામ સહિતના વિસ્તારોમાં એપાર્ટમેન્ટના ગેટ પર 'મહેમાનોએ પોતાના વાહનો બહાર પાર્ક કરવા', 'પાર્કિંગ ફક્ત સોસાયટીના સભ્યો માટે જ છે.' એવા લખાણ વાળા બોર્ડ લગાવી સરેઆમ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું છે. કેટલાક સાંકડા રસ્તા પરની રહેણાંક બિલ્ડીંગોના આવા ગેરકાયદેસર નિયમોના કારણે ટ્રાફિકની સમસ્યા પણ ઉદ્ભવે છે. પોલિસ કમિશનરશ્રીએ સોસાયટી-એપાર્ટમેન્ટ દ્વારા મહેમાનો અને મુલાકાતીઓને રેસિડેન્સીની બહાર પાર્કિંગ કરવા માટે દબાણ કે ફરજ પાડી શકાય નહી એમ જણાવી આવું કરીને મનમાની કરતી બિલ્ડીંગોના જવાબદાર હોદ્દેદારો સામે સખ્ત કાર્યવાહી કરવાની તેમણે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે શહેરમાં આ પ્રકારની બિલ્ડીંગો પર જાત તપાસ કરી કાર્યવાહી કરવા અધિકારીઓને સ્પષ્ટપણે જણાવ્યું હતું.

સુરત એ.આર.ટી.ઓ. શ્રી ડી.કે.ચાવડાએ જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસ દ્વારા લોકોમાં ટ્રાફિક નિયમોનું પાલન, કાયદાકીય જોગવાઈઓ સંબંધિત જાણકારી આપવાના કાર્યક્રમો યોજવામાં આવે છે. સ્કૂલ કોલેજો દ્વારા પણ વિદ્યાર્થીઓમાં ટ્રાફિકના નિયમો અને જાણકારી આપવામાં આવે તે માટે શાળાઓને ટ્રાફિક પોલીસ દ્વારા પ્રેરિત કરવામાં આવે છે. તેમણે અડચણરૂપ થાય તેવી જગ્યાએ પાર્કિંગ કરનારા સામે સખત દંડનાત્મક કાર્યવાહી કરવા સબંધિત અધિકારીઓને કેટલાક રચનાત્મક સૂચનો કર્યા હતા.

બેઠકમાં પોલિસ કમિશનરશ્રી સતિષ શર્માએ સૂરત શહેરમાં ટ્રાફિક, વાહનવ્યવહાર અને માર્ગ અકસ્માતોની સમસ્યાને નિવારી શકાય, લોકો ટ્રાફિકના નીતિ-નિયમોનું પાલન કરે, રોડ પર દબાણ કરનારા સામે દંડનીય કાર્યવાહી થાય, શહેરીજનો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન અને જનજાગૃતિ વિષયક સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં સુરત મહાનગરપાલિકા, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નવી સિવિલ હોસ્પિટલ, ગ્રાહક સુરક્ષા, માર્ગ અને મકાન વિભાગ, નેશનલ હાઈવે ઓથોરિટી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

ગાંજા સાથે ઝડપાયેલા આરોપીઓ કસ્ટડીમાં

સુરત

ઓલપાડ તાલુકાના કારેલી ગામ ખાતે પોલીસે ચાર ઈસમો પાસેથી મસમોટો ગાંજાનો જથ્થો કબજે કરી ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૫૪ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે તમામને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાંડ પણ મેળવ્યા હતા. આ રિમાંડ પુરા થતા તમામને લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત ગ્રામ્યની એસઓજી શાખામાં પીએસઆઈ પી.એન. ઝાઝુવાડીયા પોતાની ફરજ બજાવે છે. ઓલપાડ તાલુકાના કારેલી ગામ સિદ્ધી રેસીડેન્શીમાં રહેતા ઉપેન્દ્ર ઉર્ફે પીન્ટુ સુદર્શન પ્રધાન, પ્રભાકર ઉર્ફે બુલ્લુ, બિદ્રેશ મુન્ની, ભગવાન દંડયાન પોઈડા તથા અજીત ઉદયનાથ વગેરેઓ પાસેથી પોલીસે ગાંજાનો જથ્થો ૫૪.૦૫ કિલોગ્રામ કિંમત રૂા.૩.૨૪ લાખ, ૬ મોબાઈલ ફોન, એક્ટીવા કિંમત રૂા.૨૫ હજાર તથા અંગ ઝડતીમાંથી રૂા.૬૪૫૦ કબજે કરી એનડીપીએસના ગુના હેઠળ ધરપકડ કરી હતી. આરોપીઓની કડક પૂછપરછ દરમ્યાન તેઓ તેલંગાણાના ઈમરાન નામના ઈસમ પાસેથી ગાંજો લાવી સુરત અને જિલ્લામાં વેચાણ કરતા હતા.

કામરેજ પ્રા.આરોગ્ય કેન્દ્ર ઓરણા ખાતે યોગ વિષયે તાલીમ શિબિર

યોગ તથા મેડીટેશન અંગેની પાંચ દિવસની શિબિર સંપન્ન

સુરત

પ્રજામાં આરોગ્ય જાગૃતિ લાવવાના ભાગરૂપે તા.૧૮ થી ૨૩ માર્ચ દરમિયાન કામરેજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઓરણા ખાતે કામરેજ તાલુકાના ૧૧ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના આરોગ્ય કર્મચારી ભાઈ-બહેનો માટે યોગ તેમજ મેડીટેશન અંગેની પાંચ દિવસ માટેની તાલીમ યોજાઈ હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હસમુખ ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ અને કામરેજના તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. મહેન્દ્રસિંહ ભાટીના નિરીક્ષણ હેઠળ ઓરણા ખાતે સ્વ.ભૂલાભાઈ સીતારામભાઈ ભકત મેમોરીયલ હોલ ખાતે આયોજિત તાલીમમાં કામરેજ તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. મહેન્દ્રસિંહ ભાટીએ વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તાલીમના હેતુઓ અંગે હેલ્થ અને વેલનેસ માટે સ્ટેટ કક્ષાની તાલીમ પામેલા ઈન્સ્ટ્રકટરશ્રી હરેશ રાસડીયાએ યોગ તેમજ ધ્યાનનું પ્રેકટીકલ નિદર્શન કરાવીને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સ્ટાફના ભાઈબહેનોએ જહેમત ઉઠાવી હતી.

એક્તા યુવક મંડળ દ્વારા ચેરીટી માટે ભવ્ય લોક ડાયરો યોજાયો

સુરત

ગુજરાતમાં સૌપ્રથમ ખેલાડીઓને દાતા બનીને પ્રોત્સાહન પુરુ પાડનારા એક્તા યુવક મંડળને ઉપક્રમે વોરીયર્સ સ્પોર્ટ્સ એકેડમી અને લક્ષ્ય ચેરીટેબલ ટ્રસ્ટના લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન થયું હતું. જેમાં ભરતભાઈ અરિયાણા, જસોદાબેન વસાવા વિવેક કથિરીયા અને રમેશ ગીરનારી જેવા કલાકારોને શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. એકત્ર થયેલ ભંડોળવોરિયર્સ સ્પોર્ટસ એકેડમી અને લક્ષ્ય ચેરીટેબલ ટ્રસ્ટ ભાણકી સ્ટેડીયમરૌદર ૨૫૧૧૧ રૂા.દાન પેટે પ્રમુખ (એક્તા યુવક મંડળ), મનિષ મોદીને વરદ હસ્તે અર્પણ થયા હતા.

ચોકીદારની હત્યામાં મહિલા સહિત ત્રણ આરોપીની ધરપકડ

ઉમરા પોલીસે હત્યાના ગુનાનો ભેદ ખોલ્યો

સુરત

શહેરના ઉમરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીના ચોકીદારનો મૃતદેહ રૂમમાંથી મળી આવ્યો હતો. જેમાં ઉમરા પોલીસે એક મહિલા સહીત બે યુવકની કરી ધરપકડ જેમાં વોચમેન પત્નીને મુકીને બીજી સ્ત્રી સાથે સબંધ રાખતો હતો જે બાબતે પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી હતી

સુરતના ઉમરા વિસ્તારની એક સોસાયટીમાં વોચમેન તરીકે કામ કરતાં મૂળ બિહારના સનીચર ઉર્ફે મનોજ ગંજુ ચૌધરી ફોર્મ શ્રી એપાર્ટમેન્ટ ઘોડદોડ રોડ ઉમરા ખાતે ઓરડીમાં પત્ની સાથે રહેતો હતો. અને તેની પત્નીએ ૧૦૮ ને ફોન કરીને પતિ મૃત્યુ પામ્યો હોવાનું જણાવી નાસી ગઈ હતી જે બાબતે ઉમરા પોલીસે ઘટના સ્થળે પોહચી તપાસ આદરી હતી જેમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે વોચમેન સનીચર ઉર્ફે મનોજ ગંજુ ચૌધરીને અન્ય સ્ત્રી સાથે નાજાયજ સબંધ હતા અને તેનું કાસળ કાઢવા માટે પત્નીએ તેના અન્ય પ્રેમી સાથે મળી પતિના હત્યાનો પ્લાન બનાવ્યો હતો અને આખરે પતિને મોતને ઘાટ ઉતારી દીધો હતો જે બાબતે ઉમરા પોલીસે તપાસ દરમિયાન હત્યારી પત્ની અને તેના પ્રેમીને પકડી પાડ્યા હતા વધુ તપાસ હાથ ધરી છે.

ધૂળેટી નિમિત્તે મહેશ્વરી સમાજ દ્વારા વિશાળ પ્રભાતફેરી યોજાઈ

ધૂળેટી પર્વની રંગારંગ ઉજવણીમાં સેંકડો લોકો જોડાયા

સુરત

રાજસ્થાની સમાજ માં હોળી અને ધુળેટી મન મૂકી ને મના વામાં આવે છે. સુરતમાં રહેતા અને સુરત માં વ્યાપાર ઉધોગ થી જોડાયેલા પ્રવાસી રાજસ્થાનીયો ધુળેટી નિમિતે પ્રભાત ફેરી માં હજારો લોકો શામેલ થયા હતા. ત્રિકમનગર મિત્ર મંડળ અને માહેશ્વરી સમાજ ના સેંકડો લોગો સવારે સાત કલાકે બોમ્બે માર્કેટ માં ભેગા થયા હતા. સવારે સાત વાગ્યે પ્રભાત ફેરી બોમ્બે માર્કેટ થી રવાના થઈ હતી. ડીજે ની ધૂન સાથે રાધા કૃષ્ણ મંદિર ખાતે ભગવાન ની સાથે હોળી રમવામાં આવી હતી.ગુલાલ ઉડાડતા બુરા ન માનો હોળી હૈ ના નારા સાથે મસ્તી માં હાજારો લોકો પ્રભાત ફેરી માં જોડાયા હતા. બોમ્બે માર્કેટ થી રાધા કૃષ્ણ મંદિર થઈ ને ઈશ્વરકૃપા અને માતાવાડી થઈ ને ફરીથી બોમ્બે માર્કેટ ખાતે પ્રભાત ફેરી પહુંચી હતી.અબીર ગુલાલ ઉડાડતા ભક્તિગીતો ની સાથે પ્રભાત ફેરી માં સેંકડો લોકો ધુળેટીરમતા બોમ્બે માર્કેટ પહુંચ્યા હતા.એકો ફેન્ડલી રંગો નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દર વરસે મારવાડી સમાજ દ્વારા ધુળેટી નિમીતે પ્રભાત ફેરી કાઢવામાં આવે છે.શહેર માં અનેક જગ્યા મારવાડી સંસ્થા દ્વારા પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી.

લોકસભા ચૂંટણી સંદર્ભે નવસારીમાં મિડીયા સેન્ટર ખુલ્લુ મુકવામાં આવ્યું

નાગરિકોને સેન્ટરમાંથી ચૂંટણી લક્ષી માહિતી મળી શકશે

નવસારી

ગુજરાતમાં લોકસભા સામાન્યુ ચુંટણી યોજાનાર છે. ભારતના ચુંટણી પંચ દ્વારા આ ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડતા જ ચૂંટણીના પડઘમ વાગવા લાગશે. આજના આ દિવસથી જિલ્લા કલેકટર કચેરી, નવસારીમાં નાગરિકોને ચુંટણીલક્ષી માહિતી મળી રહે તે માટેના મીડીયા સેન્ટહરનો પણ વિધિવત પ્રારંભ થયો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો.એમ.ડી. મોડીયાના વરદહસ્તેન આ મીડીયા સેન્ટારનું ઉદઘાટન કરવામાં આવ્યુંડ હતુ. જેમાં નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ, નાયબ ચૂંટણી અધિકારીશ્રી એન. આર.પ્રજાપતિ, સહાયક માહિતી નિયામકશ્રી આર.એ.જેઠવા વિશેષ ઉપસ્થિ ત રહ્યા હતા.

જિલ્લા કલેકટર કચેરી, સેવા સદન, કાલિયાવાડી, નવસારી ખાતે શરૂ કરવામાં આવેલ આ મીડીયા સેન્ટ રમાં ૨૦૧૪ યોજાયેલ લોકસભાની ચૂંટણીની તવારીખ, રસપ્રદ તથા આકર્ષક રીતે પ્રદર્શન માધ્યમમથી રજૂ કરવામાં આવ્યું છે. જેમાં ચૂંટણીપંચના ફોન નંબર અને એડ્રેસ, જિલ્લાય કક્ષાના મતદારોની સંખ્યાર, જિલ્લા ચુંટણી અધિકારીનું નામ, એડ્રેસ, સંપર્ક નંબરો, આદર્શ આચારસંહિતાની વિગતો, નોડલ ઓફીસરોના નામ અને સંપર્ક નંબરો, જિલ્લાના દિવ્યાંગ મતદારોની વિગતો, ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ, જિલ્લાલ તથા ગુજરાતના ચૂંટાયેલ સાંસદ સભ્યત સહિતની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે. આ મીડીયા સેન્ટલર ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી જિલ્લાગના નાગરિકો માટે ખુલ્લું રાખવામાં આવનાર છે.

આ મીડીયા સેન્ટર કાર્યરત કરવામાં ફિલ્મ ઓપરેટરશ્રી ભરતભાઈ કાનકડ, શ્રી દિનેશભઈ માહલા, શ્રી એન.આર.પટેલ, શ્રી અંકિત ખેરનાર, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ રાઠોડ સહિત સમગ્ર માહિતી કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

લગ્નની લાલચમાં બળાત્કાર ગુજારનાર આરોપીના જામીન મંજૂર કરતી કોર્ટ

રેગ્યુલર જામીન અરજી ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને મુક્ત કર્યો

સુરત

સરથાણાની ત્યકતા મહિલાની લગ્નની લાલચ આપી તેણી સાથે શરીર સંબંધ બાંધનાર વ્યક્તિની સામે બળાત્કારની નોંધાયેલી ફરિયાદને પગલે પોલીસે આરોપીની કરેલી ધરપકડ બાદ તેના રેગ્યુલર જામીન નામદાર કોર્ટે આજે માન્ય રાખ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના કાપોદ્રા વિસ્તારના યોગીચોક પાસેની શિવદર્શન સોસાયટીમાં રહેતા પિયુષભાઈ મનસુખભાઈ અંટાળાનો પરિચય સરથાણા વિસ્તારમાં રહેતી મહિલા સાથે થયો હતો. તેણી સોશિયલ વર્ક કરવા સાથે એક દિકરીની માતા છે, તથા તેણીની પતિ સાથે વર્ષ ૨૦૧૭માં છુટા છેડા થવા પામ્યા છે.આ મહિલા પિયુશભાઈના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા. પિયુષભાઈએ મહિલાને લગ્ન કરવાની લાલચ આપી આ કૃત્ય કર્યું હોવાના આક્ષેપ કરતી ફરિયાદ મહિલાએ સરથાણા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૭૬ (એન), ૩૫૪, ૪૯૯ મુજબનો ગુનો નોંધી પિયુશભાઈની ધરપકડ કરી હતી. જેની જામીન અરજી નામદાર સેશન્સ કોર્ટમાં વકીલ જયેશ એ.હીગુ દ્વારા દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ફરિયાદીએ હાલની અરજી માત્ર ખોટા રાગ દ્રેશ રાખી કરી છે, માટે આરોપીને જામીન આપવા જોઈએ જે તેનો બંધારણીય હક્ક પણ છે. આરોપીને નામદાર કોર્ટે આરોપીની જામીન અરજી ગ્રાહ્ય રાખી તેને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

રાજસ્થાનના વેપારીઓએ સુરતના વેપારીને ટાંટીયા તોડવાની ધમકી આપી

સુરત

રાજસ્થાનના વેપારીએ સુરતના વેપારી પાસેથી કાપડનો જથ્થો ખરીદી રૂા.૪.૧૬ લાખનું પેમેન્ટ કરવાને બદલે ઉઘરાણી કરશે તો ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉમરવાડા બોમ્બે માર્કેટ કોર્પોરેટ ઓફિસમાં ભગીરથ પોલીફીન્સ પ્રા.લિ.ના નામથી વેપાર કરતા અંકુરભાઈ બ્રિજેશભાઈ ગોહિલે આરોપી દિપક ભાટીયા, રાજેન્દ્ર ભાટીયા કેર ઓફ ઈન્ડિયા ટુડે ફેશન, નવાપુર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી કાપડનો માલ ખરીદી બાકી રૂા.૪,૧૬,૪૨૨ ચૂકવવાને બદલે વાયદાઓ કરતા હતા. ફરિયાદીએ આરોપીની ઓફિસે જઈ ઉઘરાણી કરતાં આરોપીએ ધમકી આપી હતી કે, અમારી ઓફિસે આવતો નહીં, પૈસાની ઉઘરાણી કરશે તો હાથ ટાંટીયા તોડી નાંખીશું અને ખોટા કેસમાં ફસાવી દઈશું. વરાછા પોલીસે અંકુર ગોહિલની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ગ્રામ સેવા સમાજ ચોર્યાસી

સુરત

ટ્રસ્ટ સંચાલિત ભાગ્યોદય વિદ્યાલય ભેસ્તાનમાં આવેલ સરસ્વતી માતાજીના મંદિરની સાલગીરી નિમિત્તે લાયન્સ ક્લબ ઓફ પાર્લે પોઈન્ટના માજી રિજીયોનલ મેનેજર કનૈયાલાલ લહેરુ દંપતિના યજમાનપદે સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથોસાથ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધી પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. સતત ચાર દિવસ દરમિયાન આજુબાજુની શાળાના વિદ્યાર્થીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ઉધનાના પ્રભુનગરમાં રાહદારી મહિલાનો અછોડો તોડી લેવાયો

સુરત શહેરમાં વિવિધ સ્થળોએ બેફામ બનેલા અછોડાતોડો

સુરત

ઉધના-પ્રભુનગર મરાઠી સ્કૂલ પાસેથી મઢીની ખમણી તરફ જતી એક રાહદારી ગૃહિણી મહિલાના ગળામાંથી સોનાની ચેન તથા સોનાનો ડોકીયો મળી કુલ ૪૧ હજારની લૂંટ ચલાવી એક અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઉધના પોલીસ મથકે નોંધાતા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના બીઆરસી રોડ શુભ રેસીડેન્શી ખાતે આવેલ શક્તિનગર ખાતે નિર્મલાબેન આત્મારામ પાટીલ રહે છે. તેઓ ગતરોજ રાત્રિના સવા દસ વાગ્યાના સુમારે ઉધના પ્રભુનગર મરાઠી સ્કૂલ પાસેથી મઢીની ખમણી તરફ તેમની સહેલી ઉષાબેન સાથે જતા હતા. ત્યારે ૨૫ વર્ષનો અજાણ્યો ઈસમે પાછળથી આવી તેમના ગળામાંથી સોનાની ચેન તથા સોનાનો ડોકીયો મળી કુલ ૪૧ હજરની મતાની લૂંટ ચલાવી ફરિયાદીબેન નિર્મલાને ધક્કો મારી ગળાના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમણે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

મહિના પૂર્વે રોજગારી માટે સુરત આવેલા યુવકની ઉન પાટીયા નજીક ઘાતકી હત્યા

મૃતક યુવકના બંને મોબાઈલ ફોન ગુમ થતા લૂંટની આશંકા

સુરત

સચિન ઉન પાટિયા નજીક પરપ્રાંતીય યુવકના ચપ્પુના ઘા મારી પતાવી દેવાયો હતો. શુક્રવારની મધરાત્રે નવાબ રેસિડેન્સી નજીકથી બિન વારસી મળી આવેલા યુવાનને ૧૦૮ની મદદથી સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ લવાતા મૃત જાહેર કરાયો હતો. એક અઠવાડિયા પહેલા જ કાદિર સુરત પિતરાઈ ભાઈ પાસે રોજગારીની શોધમાં આવ્યો હતો. કાદિર માતા-પિતાનો એકનો એક દીકરો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ કાદિરની હત્યા પાછળ ઘેરાતું રહસ્ય અને તેના હત્યારાઓને શોધી કાઢવાની દિશામાં તપાસ કરી રહી છે. મૃતકના પિતરાઈ ભાઈ સુબેર અહમદ પઠાણે જણાવ્યું હતું કે, પોલીસે મુકેલા ફોટો પરથી હત્યા થયાનું જાણવા મળ્યું હતું. કાદિરના બન્ને મોબાઈલ નથી મળ્યા એટલે લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાની આશંકા છે.

હત્યાનો ભોગ બનેલા યુવકના બંને ગુમ મોબાઈલની શોધખોળ પોલીસે શરૂ કરી છે. સાથે સાથે હત્યારાઓને પણ શોધી કાઢવા પોલીસે પ્રયાસો આદરી દીધા છે.

તંત્રી સ્થાનેથી...

આટલી બેચેની કેમ છે

આ ખરેખર ચિંતાની વાત છે કે ખુશાળ સમુદાયની યાદીમાં પહેલાથી જ પાછળ રહેલ ભારત વધારે પાછળ ધકેલાઇ ગયુ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં ભારત હવે ૧૪૦માં ક્રમાંકે છે. સંયુક્ત રાષ્ટ્રના પ્રસન્ના રિપોર્ટ ૨૦૧૯માં કેટલીક ચોંકાવનારી વાતો સપાટી પર આવી છે. ગયા વર્ષે ભારત ૧૩૩માં સ્થાને રહ્યા બાદ હવે ૧૪૦માં ક્રમાંક પર ફેંકાઇ જતા જાણકાર લોકોમાં નિરાશાની સાથે સાથે ચિંતા પણ છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિત પોતાના પડોશી દેશોના લોકો કરતા ભારતીય સમુદાયના લોકો ઓછા ખુશ છે. રિપોર્ટમાં ફિનલેન્ડ પ્રથમ સ્થાન પર છે. ફિનલેન્ડ સતત બીજા વર્ષે સૌથી ખુશાળ રહેતા દેશ તરીકે છે. ત્યારબાદ યાદીમાં નોર્વે અને ડેનમાર્ક આવે છે. ખુશાળીના મામલે છેલ્લા ક્રમાંક પર બુરુન્ડીના લોકો છે. આ યાદી માટે અર્થશાસ્ત્રીઓની એક ટીમ દ્વારા જુદા જુદા માપદંડ પર ધ્યાન આપવામાં આવ્યુ હતુ. જેમાં સમાજમાં સુશાસન, પ્રતિ વ્યક્તિ આવક, આરોગ્ય, જીવિત રહેવાની વય, વિશ્વાસ, સામાજિક સહકાર, સ્વતંત્રતા અને ઉદારતા જેવા જુદા જુદા પરિબળોને ધ્યાનમાં લીધા હતા. સમુદાયના લોકોને ખુશ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર તમામ માપદંડને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. રિપોર્ટનો હેતુ જુદા જુદા દેશોના લીડરોને વાસ્તવિકતાથી વાકેફ કરવાનો રહ્યો છે. જુદા જુદા દેશોની યોજના તેમના સામાન્ય લોકોની લાઇફ સ્ટાઇલને સરળ અને ખુશાળ બનાવી દેવામાં ભૂમિકા અદા કરી રહી છે કે કેમ તે બાબતથી નેતાઓને વાકેફ કરવાના ઇરાદાથી આ અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માનવીના વિકાસમાં ભારતની સફળતાની નોંધ લેવામાં આવી છે. છતાં ખુશીના મામલે ભારતીય સમુદાયના લોકો એટલા પાછળ કેમ છે તેને લઇને ભારે ચર્ચા છે. આખરે બેચેની કેમ છે. હકીકતમાં છેલ્લા બે અઢી દશકોમાં ભારતમાં વિકાસ પ્રક્રિયા પોતાની સાથે દરેક મામલે ખુબ વધારે અસમાનતા લઇને આવી છે. જે લોકો પહેલાથી જ સમર્થ હતા તે લોકો વધારે તાકતવર થઇ ગયા છે. એટલે કે જે લોકો પહેલાથી જ અમીર હતા તે લોકો વધારે અમીર બની ગયા છે. અમીર લોકો જે પહેલા લાખોપતિ હતા તે કરોડપતિ થયા છે અને કરોડપતિ હતા તે અબજો પતિ થઇ ગયા છે. એકદમ સામાન્ય વ્યક્તિના જીવનધોરણમાં પણ સુધારો તો ચોક્કસપણે થયો છે. પરંતુ કેટલાક પ્રકારની નવી સમસ્યા પણ તેની સામે આવીને ઉભી રહી છે. આર્થિક પ્રક્રિયામાં સરકારની ભૂમિકા ખુબ ઓછી થઇ છે. પોતાની ભૂમિકાને તે એટલા હદ સુધી જ મર્યાદિત રાખે છે જેટલી તેને રાજકીય રીતે જરૂર હોય છે. જેમ કે ગરીબ લોકો માટે યોજના બની છે તે ચોક્કસ વર્ગને રાહત આપવા સુધી મર્યાદિત રહી છે. તેમને ઉત્પાદન પ્રક્રિયામાં હિસ્સો બનાવી દેવા માટે કોઇ પહેલ કરવામાં આવી નથી. આ પ્રકારના વર્ગ ભુખમરામાંથી બહાર આવ્યા છે પરંતુ શિક્ષણ, આરોગ્ય અને ન્યાય જેવી બાબતોથી વંચિત છે. આ તમામ કારણોસર બેચેની દેખાય છે. સાથે સાથે દેશે જોરદાર પ્રગતિ કરી હોવા છતાં ખુશાળ સમાજ માટેની યાદીમાં ભારત પાછળ છે. આમાં આગળ આવવા માટે ખુશી અને સંતોષ આપતી નિતી જરૂરી છે.

ખુશાળ સમાજ માટે યાદીમાં ભારત પણ પાછળ છે : ભારત હવે ૧૪૦માં ક્રમાંકે

ચૂંટણી : ચન્દ્રશેખરની સામે આ વખતે કેટલાક નવા પડકારો છે...

તેલુગુ રાજ્યોની પણ ભૂમિકા રહેશે

કેન્દ્રની રાજનિતીની દિશા અને દશા નક્કી કરવામાં તેલુગુ રાજ્યો પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે. રાજકીય પંડિતોના કહેવા મુજબ બંને રાજ્યોમાં રાજકીય સમીકરણ ખુબ જ રોમાંચક દેખાઇ રહ્યા છે. આંધ્રપ્રદેશમાં જ્યાં પ્રમુખ દળો અલગ અલગ રીતે ચૂંટણી લડી રહ્યા છે. બીજી બાજુ તેલંગણામાં રાજ્યમાં સત્તારૂઢ તેલંગાણા રાષ્ટ્ર સમિતી (ટીઆરએસ) તેમજ ઓલ ઇન્ડિયા મજલિસ એ ઇત્તેહાદુલ મુસ્લિમીન આગામી ચૂંટણીમાં પણ એક સાથે મેદાનમાં ઉતરવા માટેની તૈયારી કરી છે. હૈદરાબાદ સીટ પરથી એ આઇએમઆઇએમના અધ્યક્ષ અસાસુદ્દીન ઔવેસી મેદાનમાં છે. તેઓ આ બેઠક પરથી સતત જીતતા રહ્યા છે. આ સીટ પર ટીઆરએસ તેમને સમર્થન આપવા માટે તૈયાર છે. જેના બદલે ઔવેસીની પાર્ટી તેમને બાકીની ૧૬ સીટો પર ટીઆરએસને જીતાડવામાં મદદ કરનાર છે. જો ે ટીઆરએસે તમામ બેઠકો પર પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. મુખ્યપ્રધાન ચન્દ્રશેખર રાવ બિન ભાજપ અને બિન કોંગ્રેસી વિકલ્પ તરીકે ફેડરલ ફ્રન્ચ બનાવવા માટે ઇચ્છુક છે. આના કારણે તેઓએ પોતાના પુત્ર અને પૂર્વ પ્રધાન કેટીઆરને ફરી મંત્રી ન બનાવીને આ વખતે લોસભા ચૂંટણી માટે તેલંગણાની જવાબદારી સોપી દીધી છે. કેટીઆરે પણ દાવો કર્યો છે કે ચન્દ્રશેખર રાવના નેતૃત્વમાં ફેડરલ ફ્રન્ચ જ આગામી સરકારની દિશા અને દશા નક્કી કરનાર છે. ડિસેમ્બર ૨૦૧૮માં તેલંગણામાં પૂર્ણ બહુમતિ મળી ગયા બાદ ચન્દ્રશેખર રાવે તરત જ દિલ્હી પહોંચીને મહત્વપૂર્ણ



રાવના બિનભાજપ અને બિનકોંગ્રેસ સાથે અન્ય વિકલ્પ સાથે મેદાનમાં ઉતરવાના પ્રયાસો સફળ ન રહ્યા હોવા છતાં કેન્દ્રમાં ભૂમિકા મોટી રહેશે

ક્ષેત્રીય નેતાઓ સાથે બેઠકોનો દોર હાથ ધર્યો હતો. ક્ષેત્રીય પક્ષોના નેતાઓ સાથે વાતચીત શરૂ કરી હતી. તેમને બિન ભાજપ અને બિન કોંગ્રેસ ક્ષેત્રીય ગઠબંધનમાં સામેલ કરવાની વાત છેડાઇ હતી. જો કે આશ્ચર્યની વાત એ રહી હતી કે દિલ્હી, કોલકત્તા અને બેંગલોરમાં વિપક્ષી દળોની તમામ મોટી રેલીમાં કેસીઆર સામેલ થયા ન હતા. કેસીઆરે કોઇ પ્રતિનિધી પણ આ રેલી માટે મોકલ્યા ન હતા. જેથી તેમની સામે ગંભીર પ્રકારના આરોપો મુકવામાં આવ્યા હતા. અંદરખાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મદદ કરવાનો તેમના પર આરોપ મુકવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં થયેલા વિધાનસભાની ચૂંટણીમાં ટીઆરએસને પડકાર ફેંકનાર ટીડીપી અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોનો સફાયો થયો હતો. ટીઆરએસને પડકાર ફેંકવા માટે ટીડીપી, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ મળીને મહાગઠબંધનની રચના એ વખતે કરી હતી. જો કે હવે આ મહાગઠબંધનમાં ભારે તિરાડો છે. તેમાં પાર્ટીઓ અલગ થઇ ચુકી છે. તમામ પક્ષો અલગ અલગ રીતે ચૂંટણી લડી રહ્યા છે. ટીઆરએસ રૈયતુ બંધુ યોજના, કાલેસ્વરમ તેમજ ભાગીરત પરિયોજનાને લઇને આગળ વધવા માટે ઇચ્છુક છે. આ યોજનાઓને લઇને ટીઆરએસ પ્રજા કલ્યાણના મુદ્દાને લઇને લોકો વચ્ચે જવા માટે ઇચ્છુક છે. બીજી બાજુ વિરોધી પક્ષો ભાઇ ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર તેમજ વચન નહીં પાળવાની વાતોને લઇને રાવ પર પ્રહારો કરવા માટે ઇચ્છુક છે. આ તમામ મુદ્દા પ્રચારમાં જોરદાર રીતે છવાઇ જવાની શક્યતા છે. ભારતીય જનતા પાર્ટીની સ્થિતી અહીં નબળી છે પરંતુ તે આ વખતે તમામ તાકાત લગાવી રહી છે. જેથી તેને ફાયદો ચોક્કસપણે થનાર છે. આ વખતે સત્તારૂઢ ટીઆરએસની સામે કેટલાક પડકારો રહેલા છે. તેલંગાણાની વાત કરવામાં આવે તો ચન્દ્રશેખર અને કોંગ્રેસની વચ્ચે સીધી ટક્કર થનાર છે. વર્ષ ૨૦૧૪ની વાત કરવામાં આવે તો ટીઆરએસને ૧૧, કોંગ્રેસને બે, ભાજપને એક ઔવેસીને એક અને અન્યોને બે સીટો મળી હતી. તેલંગણામાં લોકસભાની ચૂંટણી ખુબ નિર્ણાયક બનનાર છે. આ વખતે આ રાજ્યમાં પણ સમીકરણ રોમાંચક અને રોચક રહી શકે છે. લોકસભા ચૂંટણીમાં તેલુગુ રાજ્યોમાં કેન્દ્રિય નેતાગીરીની અસર હમેંશા ઓછી રહે છે.

ટીડીપીની સામે સત્તા જાળવી રાખવા માટે આ વખતે મોટો પડકાર

આંધ્ર : ચન્દ્રાબાબુને જગનનો પડકાર

આંધ્રપ્રદેશશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથેથઇ રહીછે. આવી સ્થિતીમાં સત્તારૂઢ તેલેગુ દેશમ પાર્ટી (ટીડીપી)ની સામે કેટલાક નવા પડકારો છે. એકબાજુ તેની સાથે સૌથી મોટો પડકાર તો રાજ્યમાં તેની સત્તા જાળવી રાખવા માટેનો છે. બીજી બાજુ લોકસભાની ૨૫ સીટો પર આ વખતે એકલા હાથે ટક્કર લેવાની ફરજ પડી શકે છે. પહેલા ભાજપ અને ત્યારબાદ કોંગ્રેસ સાથે તેમના ગઠબંધન તુટી ચુક્યા છે. આંધ્રપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી વધારે મજબુત નથી. જેથી તેમની સામે પડકારો વધારે છે. અહીં ટીડીપીની સામે સૌથી મોટો પડકાર તો આવએસઆર કોંગ્રેસે પાર્ટી છે. આ પાર્ટીને ટીઆરએસ અને ઔવેસીની પાર્ટી મદદ કરી રહી છે. આના બદલામાં જગન મોહન રેડ્ડી તેલંગણામાં પોતાના ઉમેદવાર ઉભા કરનાર નથી. વાયએસઆર કોંગ્રેસના નેતા જગન મોહન રેડ્ડી દ્વારા આક્રમક ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યા બાદ તેમના હરિફોની ચિંતા વધી ગઇ છે. રેડ્ડીની લોકપ્રિયતા હાલના વર્ષોમાં જોરદાર રીતે વધી છે. જગન મોહન રેડ્ડીએ હાલમાં ત્રણ હજાર કિલોમીટરની યાત્રા કરી ચુક્યા છે. જેમાં ૧૨૫ વિધાનસભા ક્ષેત્રને આવરી લેવામાં આવ્યા છે. ત્યારબાદ ચન્દ્રબાબુ નાયડુએ જગન મોહન રેડ્ડીની લોકપ્રિયતાનો તોડ કાઢવા માટે આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેની માંગ ઉઠાવી હતી. નાયડુએ આ માંગ જોરદાર રીતે ઉઠાવીને કેન્દ્રમાં ભાજપ સાથેછેડો ફાડી લીધો હતો. તેલુગુ અભિનેતા પવન કલ્યાણ પણ ચૂંટણીમાં ભાગ્ય અજમાવી રહ્યા છે. આંધ્રપ્રદેશમાં સત્તાના ઉંટ કઇ દિશામાં બેસશે તેને લઇને હાલમાં જોરદાર ચર્ચા જારી છે. પવન કલ્યાણની જનસેના પાર્ટીને કેટલી સીટો મળે છે તે બાબત પણ ઉપયોગી સાબિત થનાર છે.



લોકસભાની ૨૫ સીટ પર એકલા હાથે ચૂંટણી લડવાને લઇને પણ નાયડુ સામે પડકાર : જગન મોહન રેડ્ડી આક્રમક દેખાઇ રહ્યા છે

ટીડીપી પર આ વખતે ગંભીર પ્રકારના આરોપો મુકવામાં આવી રહ્યા છે. આ પાર્ટી પર આરોપો છે કે લાખો મતદારોના નામ લિસ્ટમાંથી દુર કરી દેવામાં આવ્યા છે. તેના પર એવો આરોપ પણ થઇ રહ્યા છે કે હૈદરાબાદની એક કંપની દ્વારા વ્યક્તિગત તેમજ આધાર વોટર આઇડી સંબંધી માહિતી સરકાર પાસેથી ગેરકાયદે રીતે મેળવી લીધી છે. આ સંબંધમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. વાયએસઆર કોંગ્રેસ પાર્ટી ચન્દ્રબાબુ નાયડુ અને તેમના પુત્ર લોકેશ પર પોતાની પાર્ટિને ચૂંટણી લાભ પહોંચાડી દેવા માટે સરકારી ડેટા ચોરી કરવાના આરોપો મુકી રહી છે. ડેટા ચોરીનો મુદ્દો લોકસભા ચૂંટણીમાં જોરદાર રીતે ચમકી શકે છે. આંધ્રપ્રદેશમાં વર્ષ ૨૦૧૪ની ચૂંટણીની વાત કરવામાં આવે તો ટીડીપીને ૧૫ સીટો મળી હતી. ભારતીય જનતા પાર્ટિને બે સીટો મળી હતી. આવી જ રીતે વાયએસઆરસીપીને આઠ સીટો મળી હતી. જાણકાર રાજકીય પંડિતો માની રહ્યા છે કે આ વખતે આંધ્રપ્રદેશમાં મુખ્ય ટક્કર તો ટીડીપી અને જગન મોહન રેડ્ડીની પાર્ટી વચ્ચે થનાર છે. ચન્દ્રબાબુ નાયડુને પણ આ વખતે છેલ્લી ચૂંટણીની તુલનામાં નુકસાન થશે. કારણ કે લોકસભા ચૂંટણી સાથે થઇ રહી છે. નાયડુએ ભાજપ સાથે છેડો ફાડી લીધા બાદ તેની કિંમત ચુકવવાની ફરજ પડી શકે છે. આંધ્રપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી કમજોર છે પરંતુ કેન્દ્રમાં મોદીની લોકપ્રિયતા અને લોકભા ચૂંટણી સાથે હોવાના કારણે કેન્દ્રીય નેતાગીરીનો મુદ્દો પણ સપાટી પર આવનાર છે. લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઇ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.

ટેબલ ટેનિસ સ્ટાર બત્રાનો સક્સેસ મંત્ર-

દુવિધામાં સફળતા મળશે નહીં

સફળતા હાંસલ કરવા માટે દુનિયાના તમામ લોકો તમામ પ્રકારના પ્રયોગ કરે છે અને ખુબ મહેનત કરે છે. કેટલાક લોકોને તમામ મહેનત અને પ્રયોગ કરવામાં આવ્યા બાદ પણ સફળતા હાંસલ થતી નથી. ભારતની સ્ટાર ટેબલ ટેનિસ ખેલાડી મણિકા બત્રા સફળતા હાંસલ કરવા માટે કેટલાક મંત્ર ધરાવે છે. તેનુ કહેવુ છે કે સફળતા વ્યક્તિને એજ વખતે મળી શકે છે જ્યારે મનમાં કોઇ દુવિધા રહેશે નહીં. દુવિધા ધરાવનાર વ્યક્તિ ક્યારેય સફળતા હાંસલ કરી શકે નહીં. મણિકા કહે છે કે તે હમેંશા સફળ થવા માટે ઇચ્છુક હતી. તે હમેંશા લોકપ્રિય થવા માંગતી હતી. ટેલિવીઝન પર નજરે પડવા માટે ઇચ્છુક હતી. તે એક કિશોરી તરીકે અનેક મોડલિંગ પ્રસ્તાવને ફગાવી ચુકી છે. તેનુ કહેવુ છે કે મોડલિંગ મારફતે સફળતા હાંસલ કરવાની બાબત સરળ છે. પરંતુ ગોલ્ડ મેડલ જીતવા માટેની તક માત્ર ચાર વર્ષમાં એક વખત આવે છે. ખુબ નાની વયથી તેની ઇચ્છા તો ટેબલ ટેનિસમાં પોતાની રમતને સર્વોચ્ય સ્તર પર લઇ જવાની રહી છે. જેથી મોડલિંગ ન કરવાને લઇને કોઇ દુખ નથી. તે હકીકતમાં મોડલિંગમાં ઓછો રસ ધરાવતી હતી. તેનુ કહેવુ છે કે ખેલથી જીવન માટેના બોધપાઠ શિખી શકાય છે. તેનુ કહેવુ છે કે પોતાના ઘરમાં મોટા લોકોને રમતા જોઇને તે નાની હતી ત્યારે જ મેદાનમાં ઉતરી ગઇ હતી. તેને એ વખતે ખબર ન હતી કે આ રમત તેના માટે જીવવા માટે હેતુ બની જશે. તેનુ કહેવુ છે કે તે મોડલિંગને છોડવાની સાથે સાથે કોલેજમાં નિયમિત અભ્યાસને પણ છોડી દઇને આગળ વધી હતી. જીવન માટે તમામ ઉપયોગી બોધપાઠ અહીંથી શિખ્યા નથી. જોરદાર મહેનત કરીને સફળતા હાંસલ થાય છે. ફેરફારો પર નજર રાખવા અને તેના મુજબ જ રણનિતીને અમલી કરવાની દરેકને જરૂર હોય છે. તેનુ કહેવુ છે કે જો તમે એક હિસ્સાને સંભાળી લો છો તો સમસ્યાનો ઉકેલ આવવા લાગી જાય છે. ધીમે ધીમે આસપાસનો માહોલ મંજિલ સુધી પહોંચવામાં મદદરૂપ બનવા લાગી જાય છે.

સલાહ : સાફ સફાઇ રાખવા અને પૂર્ણ વસ્ત્રો પહેરવાની જરૂર

૩ દિનથી તાવ છે તો ડેન્ગ્યુ મેલેરિયા

THE CBSE COACHING CLASS
Delivering 100% Result since last 4 years of CBSE Xth
CBSE Std 10th Mar-15 = 100% CBSE Std 10th Mar-17 = 100%
CBSE Std 10th Mar-16 = 100% CBSE Std 10th Mar-18 = 100%
ADMISSION OPEN
For CBSE Std. 8th 9th 10th & 12th Science A.Y. 2019-20
We Prepare our Students for Excellence !!!
CBSE Std. 10th Batch Started From 15th March
CBSE Std. 8th, 9th & 12th Science Batch Commencing From 1st April
CBSE Xth March - 18 Result
PATEL FAIZAN (Matliwala) 9.40 CGPA
MISTRY BHARGAV (Matliwala) 8.30 CGPA
PATEL KAISH (Matliwala) 8.15 CGPA
UGHRADAR SABAH (Matliwala) 8.00 CGPA
BABAR MOHAMMED (Matliwala) 8.00 CGPA
PATEL UMAR (Matliwala) 7.40 CGPA
PATEL AKILA (Matliwala) 7.10 CGPA
Our Salient Features :
Limited Students per Batch.
Study Material according to CBSE Syllabus
Ontime course completion
Teachers with 10+ years of Teaching Experience
For more details please contact personally between 9a.m. to 11a.m. & 5p.m. to 7p.m.
Address : F-15, Mohammedi City Corner, Mohammedpura, Bharuch. 63559 17535

Podar Jumbo Kids
EYFS UK's Pre-School Curriculum
Playgroup, Nursery, Jr. KG, Sr. KG
Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning
Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
શેતરંજી આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

૧૫૦ YEARS OF CELEBRATING THE MAHATMA
ખાદી ગ્રામોદ્યોગ કમીશન અમદાવાદ દ્વારા આયોજીત
Khadi India
ખાદી તથા ગ્રામોદ્યોગ નું ભવ્ય પ્રદર્શન અને વેચાણ
પ્રદર્શનમાં ખાદીના હાથવણાટથી બનેલા કાપડ અને તૈયાર વસ્ત્રો ઉપર ખાસ સરકારી વળતરનો લાભ મેળવો.
૧૦% થી ૨૫%સુધી વળતરનો લાભ મેળવો
ખાદી વસ્ત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરી હાથ વણાટ કરતા ભાઇ-બહેનો ને રોજી આપવામાં અમને સાથ સહકાર આપશો.
ખાદીનું દરેક પ્રકારનું કાપડ, તૈયાર શર્ટ, ઝભ્ભા, લેંઘા, સદરા, અને આયુર્વેદીક દવાઓ, અથાણા, પાપડ, સાબુ, બુટ, ચંપલ, તથા અનેક પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ મળશે.
સ્થળ : હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.
તા.10-3-19 થી 24-3-19 • સમય : બપોરે 12 થી રાત્રે 10 કલાક

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર
Non AC Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com
Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree
Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT
CROWN & BRIDGE
ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

PODAR WORLD SCHOOL
EYFS Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets
Motion based Gesture Controlled Learning
Ranked #1 Pre-School
Learning through AR / VR
Gamification of Learning
92 Years of Experience
International Student Debates through Video Conferencing
CCTV Security Surveillance
RFID with SMS Alert for Parents
ADMISSIONS OPEN
Playgroup to Class VIII
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ – નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
• ઈન્ટરનેશનલ વર્લ્ડવાઇડ વોરંટી
• લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઇડ
• ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
• રીચાર્જેબલ હીયરીંગ એઇડ
• જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

ગરનાળામાં ટ્રક એન્ગલ સાથે અથડાતા લોખંડનો ગર્ડર ધરાશાઇ



સુરત

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા રેલવે ગરનાળામાં મોટી દુર્ઘટના ઘટી હતી. શુક્રવારે મોડી સાંજે અહીંથી એક ટ્રક પસાર થતાં તે ગરનાળાના લોખંડની એન્ગલ સાથે અથડાયું હતું. જેના કારણે લોખંડનો ગર્ડર ધરાશાઇ થયો હતો. આ ઘટનામાં એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યો હતો. ઘટનાને પગલે ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે ફાયર અને પોલીસની ટીમ સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

આ ઘટના વિશે મળતી માહિતી અનુસાર, શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં સાંજે સુરત રેલવે સ્ટેશન નજીક આવેલા વરાછાના ગરનાળામાં એક હેવી ટ્રક પસાર થતો હતો, ત્યારે ટ્રકની ઉંચાઇ વધુ હોવાથી ઉપરનો ભાગ ગરનાળાના લોખંડના એન્ગલ સાથે અથડાયો હતો. આ ઘટનાને પગલે ગરનાળાનો લોખંડનો ગર્ડર ધરાશાઇ થઇ નીચે પડ્યો હતો. આ ઘટના બની ત્યારે બાજુમાંથી એક બાઇક સવાર નીકળતો હતો, ત્યારે તેને લોખંડનો ગર્ડર નીચે પડતા બાઇક સવાર સદનસીબે બચી ગયો હતો, પરંતુ તેને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

આ ઘટનાને પગલે તાત્કાલિક બાઇક સવારને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો, મોડી સાંજે વરાછા વિસ્તારમાં આ ઘટનાને પગલે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઇ હતી. આ ઘટનાની જાણ પોલીસ અને ફાયરને કરાતા તેઓ સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સુરત રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો બંધ થયો પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દક્ષિણ ગુજરાતમાં પણ બનશે ખોડલધામ, નરેશ પટેલે કરી જાહેરાત



સુરત

લેઉઆ પાટીદારોની કુળદેવી ખોડલધામ બન્યા બાદ દેશ સહિત દુનિયામાં જાણીતું બન્યું છે. અવાર નવાર આ મંદિરના ટ્રસ્ટ દ્વારા સમાજના લોકોના વિકાસ માટે ગણા કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે, ત્યારે ખોડલધામ મંદિરનો આટલો મહિમાને જોતા પ્રમુખ નરેશ પટેલે મોટી જાહેરાત કરી છે. નરેશ પટેલ હવે ખોડલધામ જેવું મંદિર દક્ષિણ ગુજરાતમાં પણ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. આ માહિતી ખુદ ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલે ખુદ આપી છે. સુરતની આસપાસ દક્ષિણ ગુજરાતમાં લેઉઆ પટેલના કુળદેવી ખોડિયાર માતાજીનુ ભવ્ય ધામ નિર્માણ થનાર છે, તેને ધ્યાનમાં રાખતા સુરતમાં વરાછા, બારડોલી સહિત વિવિધ વિસ્તારોમાં અલગ અલગ ૮ જેટલી મિટિંગ યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ હાજર રહી ચર્ચા વિચારણા કરી હતી. આ મુદ્દે માહિતી આપતા નરેશ પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટના મધ્યસ્થમાં એક ખોડલધામ મંદિરનું નિર્માણ સફળ રીતે થયું છે, ત્યારે દક્ષિણ ગુજરાતમાં પણ લેઉવા પાટીદાર સમાજની મોટી સંખ્યા રહે છે. તો દક્ષિણ ગુજરાતમાં પણ એક ખોડલધામ મંદિરનું નિર્માણ થાય તે માટે વિચાર થઈ રહ્યો છે.

હોલીકા દહનમાં ૫૦૦ રસ્તાઓ પીગળ્યા, ઈજનરોને નોટિસ ફટકારાશે

સુરત

તાજેતરમાં હોળીનો પવિત્ર દિવસ થયો અને આ દિવસે રાત્રે લોકોએ રોડ અને રસ્તાઓ ઉપર હોલિકા પ્રગટાવીને તહેવારની ઉજવણી કરી હતી. જોકે, આ દિવસે સુરતમાં ૮૦૦ કરતા વધારે જગ્યા ઉપર હોળી પ્રગટાવવામાં આવી હતી. હોળી પ્રગટાવતી વખતે પૂરતી તકેદારી નહીં લેવાતા ૫૦૦ કરતા વધારે જગ્યા ઉપર ડામરના રસ્તા ખરાબ થઈ ગયા છે. મ્યુ.કમિશનરે ડામરના રસ્તા ખાબ થવા બદલ સાત ઝોનના રસ્તા વિભાગના ઈજનેરોને શો કોઝ નોટિસ ફટકારવા આદેશ આપ્યો હતો.

દર વર્ષે હોળીના દિવસે એપાર્ટમેન્ટ અને સોસાયટીની બહાર જાહેર માર્ગ ઉપર હોળઈ પ્રગટાવવામાં આવે છે. હોળી પ્રગટાવ્યા બાદ તેની આગને કારણે રસ્તા ઉપરનો ડામર પીગળી જાય છે. ડામર પીગળવાને કારણએ રસ્તો ખરાબ થાય છે. અને તેને તાકીદે રિપેર કરવો પડે છે. પાલિકાએ હોળી પ્રગટાવવા માટે ડામરના રસ્તા ઉપર ઈંટ કે અન્ય ચીજવસ્તુઓ મૂકવા અપીલ કરી હતી. આ ઉપરાંત દરેક ઝોનના ઈજનેરોને હોળી પ્રગટાવવાના સ્થળે રેતી કે માટી પાથરી ડામરનો ભાગ રેતી કે માટી પાથરી કવર કરી આપવા સૂચના આપવામાં આવી હતી. કેટલીક જગ્યાએ હજી પણ ડામર પીગળી રહ્યો છે. કમિશનરે મોડી સાંજે સાત ઝોનના જુનિયર ઈજનેરને શો કોઝ નોટિસ ફટકારવા કમિશનરે આદેશ આપ્યો હતો.

ડામરના રસ્તા બનાવવા પાછળ દર વર્ષે ૧૨૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે રસ્તાની જાળવણીમાં બેદરકારી ચલાવી નહીં લેવા કમિશ્નરે તાકીદ કરી હતી.

યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી

વલસાડ

વલસાડના પારડી સાંઢપોર ગામમાં રહેતા ૨૧ વર્ષીય યુવકે શુક્રવારે પોતાની પ્રેમિકા સાથે મળ્યા બાદ ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. પ્રેમિકાને ઘરે મળવા બોલાવી હતી અને પ્રેમિકા વાતચીત કરીને ચાલી ગઇ હતી. તે પછી અચાનક જ યુવાને પોતાના ઘરમાં દુપટ્ટાથી ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.

ગુજરાતી સ્કૂલની પાછળ, પારડીસાંઢપોરના ઢોડીયાવાડમાં મામા-મામી, માસી તથા મોટાભાઇ સાથે રહેતો દિપ્લેશ પ્રવિણભાઇ પટેલ ડુંગરી ખાતે આવેલી બોલપેનની કંપનીમાં નોકરી કરતો હતો. ભાઇ જયેશ ડુંગરી હાઇવે ઉપર સ્થિત પેટ્રોલપંપ ઉપર નોકરી કરે છે. શુક્રવારે સવારે જયેશ અને તેના મામા હસમુખભાઇ નોકરી ઉપર નીકળી ગયો હતો. જ્યારે માસી ઉષાબેન ખેરગામે કામ કરવા માટે ગયા હતા.

દિપ્લેશની નોકરી બપોરે ૩ વાગ્યે હોવાથી તે ઘરે હાજર હતો. દરમિયાનમાં રહેઠાણનો દાખલો કાઢવા માટે જયેશ સવારે ૧૧ વાગ્યે પાસપોર્ટ સાઇનો ફોટો લેવા ઘરે પહોંચ્યો હતો. તે વખતે દિપ્લેશના નામની બૂમો પાડતા, જયેશે તેને બહાર મોકલ્યો હતો. જયેશ ફોટો સહિતના દસ્તાવેજો લઇને ઘરની બહાર નીકળ્યો. પરત ઘરે પહોંચીને બારણું વારંવાર ઠોકવા છતાં કોઇએ ઉઘાડ્યું નહતું. કંઇક અમંગળ થયું હોવાની આશંકાથી જયેશ ઘરની પાછળના ભાગે આવેલા સિલિંગ ફેન પર દુપટ્ટાની મદદથી લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો. તેના પગ હલતા હોવાથી જયેશે ઘરની બીજી બારી તોડીને અંદર જઇ ભાઇના બંને પગ પકડી રાખ્યા હતા. અને બાજુમાં રહેતા મિત્ર નિમેષની મદદથી દિપ્લેશને કસ્તુરબા હોસ્પિટલમાં લઇ ગયાં હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃતજાહેર કર્યો હતો.

સુરતીઓ માટે માઠા સમાચાર... મુંબઈ-દિલ્લી સુપરફાસ્ટ ટ્રેનનું સુરતમાં સ્ટોપેજ નહિ

સુરત

ઉનાળાના વેકેશનમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ-દિલ્હી વચ્ચે સુપરફાસ્ટ એસી સ્પેશ્યલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે ટ્રેનને સુરતમાં સ્ટોપેજ આપવામાં આવ્યું નથી. હોલિડે સ્પેશ્યલ ટ્રેનને પ્રત્યેક ડિવિઝન માત્ર એક જ સ્ટેશને સ્ટોપેજ આપવું એવો કોઈ નિયમ લાગુ પડતો નથી છતાં મુંબઈ સેન્ટ્રલથી ઉપડી આ ટ્રેન માત્ર વડોદરા રેલવે સ્ટેશને અને કોટા રેલવે સ્ટેશન પર જ સ્ટોપેજ લેશે અને દિલ્હી પહોંચશે. ૧૨ એપ્રિલથી ૧ જુલાઇ સુધી ટ્રેનની ૪૮ ટ્રીપ નક્કી કરવામાં આવી છે.

ઉપરાંત બાન્દ્રા-ગાંધીધામ અને બાન્દ્રા-ઈન્દોર હોલિડે સ્પેશ્યલ ટ્રેનની જાહેરાત પણ કરવામાં આવી છે. આ બંને ટ્રેનો ને સુરતનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. બાન્દ્રા-ગાંધીધામ ટ્રેન ૧૩ એપ્રિલથી ૨૯ જુન દરમ્યાન દોડશે અને વાપી, સુરત રેલવે સ્ટેશને રોકાશે.એક તરફ સુરતથી દિલ્હી જવા માટે ટ્રેનોમાં નો રૂમની સ્થિતિ છે ત્યારે મુંબઈ-દિલ્હી એસી સ્પેશ્યલ સુપરફાસ્ટ ટ્રેનને સુરત સ્ટોપેજ ન મળતા દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે આ ટ્રેનનો કોઈ અર્થ રહ્યો નથી.

૪૫ વર્ષીય મહિલાએ અગ્નિસ્નાન કરતા અરેરાટી વ્યાપી

વલસાડ

વલસાડના વલંડી અને ગુંદલવા વિસ્તારમાં અપમૃત્યુના અલગ અલગ બે બનાવો બન્યા છે. વલડી ગામે અગન પીછોડી ઓઢનાર મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે ગુંદલાવ વિસ્તારમાં વીજ કંરટ લાગતા ધરમપુરની ભેંસધરા ગામની મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે વલંડીના નિશાળ ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય હંસાબેન ભગુભાઇ પટેલે કોઇક કારણસો સર પોતાના શરીરે કેરોસીન છાંટ્યા બાદ દીવાસળી ચાંપી દેતા, ભડ ભડ સળગી ઊઠી હતી. હંસાબેનને બેભાન હાલતમાં સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ બાબતે ફરજ પરના તબીબે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિદ નોંધાવતા પોલીસે અકસ્માતનો મોત નુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

અકસ્માત મોતના બીજા બનાવમાં ગુંદલાવ સ્થિત જીઆઈડીસી કોલોનીના બ્લોક નં. સી.એફ.ના ઘર નં.૧૮માં રહેતા સોહિનાબેન જયેશભાઇ પટેલ શુક્રવારે કપડા સુકાવવા માટે ગેલેરીમાં ગયા હતા. જે દરમિયાન તેમનું માથું નજીકમાંથી પસાર થતી વીજલાઈનને અડી જતાં જોરદાર વીજ કરંટ લાગ્યોહતો. કરંટના ઝાટકાથી રોહીનાબેન જમીન ઉપર પટકાતા ગંભીર ઈજા થઇ હતી. તેમને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલ લઇ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પલસાણાના જોળવા ગામે ગાળ બોલવાના મુદ્દે સળીયા વડે હુમલો

ઠપકો દેવા જતા ઉશ્કેરાટમાં થયેલી મારામારીમાં એક હોસ્પિટલમાં દાખલ

સુરત

પલસાણા તાલુકાના જોળવા ગામે આવેલ સોસાયટીમાં ઘર પાસે બેઠેલા ત્રણ સભ્યો ઉપર ગતરોજ ત્રણ ઈસમોએ અપશબ્દ ન બોલવા બાબતે ઠપકો આપતા ઉશ્કેરાઈ જઈ સળીયા અને લાકડાના ફટકાથી હુમલો કરી માર મારી ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જોળવા ગામે આવેલ આરાધના ડ્રીમ સોસાયટી વિભાગ-૨ના મકાન નંબર ૧૧૨માં યોગેશબાઈ ચતુરભાઈ ભાભરે રહે છે. ગઈકાલે ઘરના ઓટલા પર બેઠા હતા. ત્યારે તેજ સોસાયટીમાં મકાન નં.૩૦૮માં રહેતા મૂળ યુપીના ભાટાબાઈ અને તેમના બે સાગરીતો યોગેશભાઈના ઘર પાસે આવી ગાળ ગલોચ કરતા હતા. ત્યારે તેમને ઘર પાસે અપશબ્દ ન બોલવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી ભાટાભાઈ અને બે સાગરીતોએ ઉશકેરાઈ જઈ સળીયા તેમજ લાકડાના ફટકાથી હુમલો કરી ઢોર માર મારી યોગેશભાઈ તથા તેમના ભાઈ નીતિન અને તેમની માતા સુનંદા સહિત ત્રણેયના શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભાગી ગયા હતા. જેથી ઈજાગ્રસ્તોને સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે યોગેશભાઈની ફરિયાદના આધારે પલસાણા પોલીસે મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચોરીના મોબાઈલ, લેપટોપ અને સ્પ્રે સાથે ચોરી કરનાર ઝડપાયો

ચોરની કબૂલાતના આધારે દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ખુલ્યો

સુરત

કડોદરા ગામની સીમમાંથી બાતમીના આધારે કડોદરા પોલીસે ચોરાઉ મોબાઈલ ફોન, લેપટોપ વગેરે વેચવા નીકળેલા આરોપીની ધરપકડ કરી ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. બી.એન. તડવી સહિત પોલીસ સ્ટાફ કડોદરામાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે બાતમી મળી હતી કે પરબ તરફનો તુલ્લુ નામનો શખ્સ કડોદરા અકળામુખી હનુમાનજી મંદિરની પાછળ રસ્તા પર તેની પાસેની બેગમાં કેટલાક ચોરીના મોબાઈલ ફોન તથા લેપટોપ વગેરે રાખી સસ્તા ભાવ વેચવા માટે આવનાર છે. જે બાતમીના આધારે કડોદરા પોલીસ સ્ટાફના માણસો ગોઠવાઈ ગયા હતા અને વોચમાં હતા. ત્યારે ચોરીના મોબાઈલ ફોન તથા લેપટોપ સ્પ્રે વગેરે વેચવા નીકળેલો આરોપી તુલ્લુ મહેશ્વર પ્રધાન રહે. ગુરૂકૃપા સોસાયટી પરબને મુદ્દામાલ સાથે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. આરોપીની સઘન પૂછપરછ કરતા આ મોબાઈલ ફોન લેપટોપ સ્પ્રેની બોટલ વગેરે આશરે પાંચ દિવસ પહેલા પરબમાં શ્રી આશાપુરા મોબાઈલ એન્ડ નોવેલ્ટી નામની દુકાનમાંથી રાત્રિના વખતે સાગરીતો સાથે મોબાઈલ ફોન વગેરેની ચોરી કરી લાવેલા હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી પોલીસે કુલ ૩.૧.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચલથાણમાં એપાર્ટમેન્ટના બંધ ફ્લેટમાંથી ચોરી થઈ

સુરત

ચલથાણમાં પોલીસ મથકની બાજુમાં આવેલ એપાર્ટમેન્ટમાં એક બંધ મકાનનું ગતરોજ બપોરે તસ્કરોએ દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી ઘરમાંથી સોના ચાંદીના ઘરેમાં રોકડ રકમ મળી ૧.૯૫ લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચલથાણામાં પોલીસ મથકની બાજુમાં આવેલ સિલિકોન એવન્યુમાં રહેતાં મહેશભાઈ કિશનચંદ હીરાનંદાની ઘરનો દરવાજો બંધ કરી કામ ઉપર ગયા હતા. ત્યારે ગઈકાલે બપોરના સમયે અજાણ્યા તસ્કરોએ તેમના મકાનનું જાળીના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરનો સમગ્ર સામાન વેર વિખેર કરી કબાટમાં મુકેલા સોનાના દાગીના ૮૦ હજારના અને રોકડ રૂા.૧.૧૫ લાખ મળી કુલ રૂા.૧.૯૫ લાખના મતાની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ અંગે કડોદરા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પુણામાં દારૂની બાતમી આપનાર મહિલા પર બુટલેગરનો હુમલો

સુરત

પુણા ગામમાં બુટલેગરો બેફામ બન્યા હતા. પોલીસને બાતમી આપી હોવા બાબતે મહિલા સાથે ઝઘડો કરી માથાના ભાગે પથ્થર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા ગામ શાંતિનગરની બાજુમાં હળપતિ વાસમાં રહેતા અલ્પાબેન સતીષભાઈ રાઠોડ આરોપી બુટલેગર પરેશ ગુણવંત રાઠોડ, ગુણવંત રાઠોડ, બનેવી જગદીશભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ દારૂની બાતમી આપવા બાબતે આરોપીઓએ ફરિયાદી સાથે ઝઘડો કરી ઢીક મુક્કીનો માર મારી માથાના ભાગે પથ્થર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

મતદાનના દિવસે મતદાન કેન્દ્રોની આસપાસ પ્રતિબંધક હુકમો અમલી

૧૦૦ મીટરના અંતરમાં આ કૃત્યો પર પ્રતિબંધ લાગુ થયો

સુરત

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ માં ચુંટણીની આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓનો અમલ કરવા સૂરત શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રી, (વિશેષ શાખા) પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા સમગ્ર સૂરત શહેર વિસ્તારમાં આગામી ૨૩ એપ્રિલના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાનની મથકની બહાર ૧૦૦ મીટરના અંતરમાં આવેલા કોઈપણ વ્યકિતે આ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેમાં,

મત માટે પ્રચાર કરવો. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.કોઈ મતદારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા. ચૂંટણીને લગતી(સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટસ કે નિશાની પ્રદર્શિત કરવી. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા. વાહનો સાથે આવવું(પરંતું અપંગ/અશક્ત વ્યકિતઓને લાગુ પડશે નહી.) મતદાન મથકમાં મતદાન માટે આવેલા મતદાર, ઉમેદવાર તથા ચુંટણીપંચે અધિકૃત કરેલા વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

ઉપરોક્ત કૃત્યો કરનાર વ્યક્તિ પર જાહેરનામાનો ભંગ-ઉલ્લંઘન કરવા બદલ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે. અપવાદ તરીકે મતદાન મથક ઉપર ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

અમદાવાદની શિક્ષિકાને તેના પતિએ વિશ્વનું સૌથી ઉંચુ સ્ટેચ્યુ બતાવી બર્થડે ગિફ્ટ આપી

રાજપીપળા : હોળી પર્વે પ્રવાસીઓની ભીડ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે થઇ છે ત્યારે આજે ૨૩ માર્ચ ના એક અમદાવાદનું પરિવાર એવું હતું કે જેમાં પતિએ પત્ની ની બર્થડે માં આ ટ્રીપ ભેટ આપી અને પત્નીએ આ ગિફ્ટને અદભુત ગણાવી અને પરિવારે ખુબ આનંદ માણ્યો.

અમદાવાદ ખાતે રહેતા ચિરાગ શાહ ધ્વનિ શાહ અને તેમનો પુત્ર આ પરિવાર આજે ૨૩ માર્ચના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસ માટે આવ્યા આ ટુર પતિ ચિરાગ શાહે તેની પત્ની ધ્વનિને ભેટ આપી, જેમાં એવું થયું કે પત્નીને સ્ટેચ્યુ જોવાની ઘણી ઈચ્છા હતી પણ કામની વ્યસ્તતાને કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા અવાતું નહોતું ધ્વનિ શાહ અમદાવાદમાં ટીચરની જોબ કરે છે એટલે વેકેશનમાં જવાનું ફાયનલ થયું હતું પરંતુ પત્નીની બર્થડે આવી અને જેમાં બર્થડે માં પીકનીક ટુર જઈએ એ પણ નક્કી થયું, પરંતુ ક્યાં જઈએ છે એ કોઈને નહોતી ખબર છેક અમદાવાદ થી ગરુડેશ્વર આવતા સ્ટેચ્યુના બોર્ડ આવ્યા ત્યારે પત્નીની આતુરતા વધી અને જયારે સ્ટેચ્યુ પર પહોંચ્યા ત્યારે તેનો આનંદ કઈ ઔર હતો આમ સ્ટેચ્યુ પર આવનારા પ્રવાસીઓમાં આવી પણ યાદગાર ક્ષણો સંભારણું બની જતી હોય છે.



કેટલા વખતથી સ્ટેચ્યુ જોવાની ઈચ્છા મારી બર્થડે એ પુરી થશે એ ખબર નહોતી : ધ્વનિ શાહ

આ બાબતે ચિરાગ પટેલે જણાવ્યું હતું કે મારી પત્ની ધ્વનિની બહુ ઈચ્છા હતી કે સ્ટેચ્યુ જોવા જઈએ એટલે તેની બર્થડે ના દિવસે અહીયા લાવવાનું નક્કી કર્યું અને આ ટુર પ્લાનિંગ કર્યું ખરેખર તેની ખુશી જોઈને હું પણ બહુ ખુશ થયો મારો દીકરો પણ ખુબ ખુશ છે જોકે આ બાબતે પત્ની ધ્વનિ એ જણાવ્યું કે મને આજે મારી બર્થડે માં આ સ્થળે લાવી જાણે મને આ ભેટ આપ્યું એમ લાગે છે ખરેખરે આજે મને અત્યાર સુધીની આ બેસ્ટ ગિફ્ટ મારા પતિ તરફથી મળી છે.

ડૉ પ્રવીણ તોગડિયાના હિન્દુસ્તાન નિર્માણ દલ (એચએનડી)ના લોકસભા ૨૦૧૯ની ચુંટણીના ઉમેદવારોની પહેલી યાદી જાહેર

લોકસભા ૨૦૧૯ની ચુંટણી માટે ડૉ પ્રવીણ તોગડિયાના હિન્દુસ્તાન નિર્માણ દલ (એચએનડી)એ પોતાના ઉમેદવારોની પહેલી ચાદી જાહેર કરી, જેમાં ગુજરાત, ઉત્તરપ્રદેશ, ઓડિશા, આસામ અને હરયાણાના રાજ્યોના કુલ ૪૧ સીટોના ઉમેદવારો ઘોષિત કર્યા. એચએનડીની બીજી યાદી પણ જલ્દી જાહેર થશે, એવું ડૉ. પ્રવીણ તોગડિયાએ કહ્યું. તેમણે આગળ કહ્યું, "હિન્દુસ્તાને અત્યાર સુધી બે જ મુખ્ય રાજનીતિક દળ જોયા છે. હવે હિન્દુસ્તાનને નવા સામાજિક-રાજનીતિક નેતૃત્વની જરૂર છે કેમ કે પહેલાવાળા કોઈ પણ દળે હિન્દુસ્તાનની જનતાની સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક આકાંક્ષાઓ પૂરી નથી કરી, જનતાએ ખૂબ રાહ જોઈ. હવે દેશ અપેક્ષાભંગ અને હતાશામાં ગરકાવ છે.એટલા માટે અમારું નવું દળ હિન્દુસ્તાન નિર્માણ દલ (એચએનડી) આજે આશાની નવી કિરણ લઈને આવ્યું છે. ગુજરાતે અને આખા દેશે મારા પર ખૂબ ભરોસો કર્યો છે. છેલ્લાં ૩૨ વર્ષથી મારા લાખો સાથીઓની સાથે મળીને હું દેશની સેવા કરતો રહ્યો છું. સાંસ્કૃતિક, હિન્દુત્વના મુદ્દા હોય કે દેશના ગરીબ મધ્યમવર્ગ પરિવારો માટે વિશેષ સ્વાસ્થ્ય સેવા માટે દેશભરના ૧૦,૦૦૦ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોની નિઃશુલ્ક સેવા અપાવવાનું કામ, દરેક પેટને ભોજન મળે એટલા માટે એક મુઠ્ઠી અનાજ યોજનામાં ૨૦ લાખથી વધારે ગરીબ પરિવારોને સન્માન સાથે અનાજ પહોંચાડવાની સેવા, ખેડૂતોને સારા ભાવ મળે તેના માટે આંદોલન હોય કે મહિલા સ્વાવલંબન હોય, હું બધા સાથીઓ સાથે દેશની સેવા કરતો રહ્યો છું. હાથમાં સત્તા નથી તો પણ અમે સાથે મળીને આટલા કાર્યો કય, હવે સત્તા આપીને દેશ અમારા ઉપર ભરોસો કરે. અમે તેમની આકાંક્ષાઓ પર ખરા ઉતરીશું. આસામ અને રાજસ્થાનમાં યુનિવર્સિટીની છાત્ર સંઘ ચુંટણીમાં અમારી રાષ્ટ્રીય છાત્ર પરિષદે ૨૨ સીટો અખિલ ભારતીય વિધાર્થી પરિષદ અને એનએસયુઆઈને હરાવીને હમણા જ જીતી છે. યુવાઓએ આ રીતે અમારા પર ભરોસો કર્યો જ છે, હવે હિન્દુસ્તાનની બાકી જનતા પણ ભરોસો કરે. મારી કેન્સર સર્જનની સારી પ્રેક્ટીસ, પરિવાર છોડીને સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક મુદ્દાઓ માટે અમે દેશને જાગૃત કર્યો. અમારી અથાગ મહેનતથી જે દળ સત્તા પર આવ્યા તેમણે દેશ સાથે સંપૂર્ણ વાદાખિલાફી કરી. વિકાસનું બહાનું આપીને ન રામ મંદિર બનાવ્યું, ન ધારા ૩૭૦, ૩૫એ હટાવીને કાશ્મીરમાં દેશ સુરક્ષિત કર્યો, ન બાંગ્લાદેશી ઘુસણખોરોને હટાવ્યા.વિકાસના નામે પણ છેતર્યા. ન વચન મુજબ દર વર્ષે બે કરોડ રોજગાર આપ્યા, ન દરેક દેશવાસીઓના ખાતામાં ૧૫ લાખ રૂપિયા આપ્યા નોટબંધી અને ખોટી જીએસટીને કારણે અને વિદેશી કંપનીઓના હાથમાં દેશ આપીને જે હતા તે રોજગાર પણ પૂરા કરી નાખ્યા, નાના મધ્યમ વેપારીઓ, દુકાનદારોના પેટ પર લાત મારી. ડૉક્ટરોને ગુનેગાર માની તેમના વિરુદ્ધ તુગલકી કાયદો બનાવીને તેમને રોગીઓની સારી સારવાર માટે રોક્યા અને દેશની સ્વાસ્થ્ય સેવા મોટી કોર્પોરેટ હોસ્પિટલોના હાથમાં આપીને ગરીબ, મધ્યમવર્ગને મારવાનું કામ કર્યું. છેલ્લાં પાંચ વર્ષમાં ૫૨,૦૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી. દેશની સીમા પર પાકિસ્તાન પરસ્ત નીતિઓને કારણે પાંચ વર્ષમાં ૧૦૦૦થી વધારે સૈનિક,સુરક્ષાબળ માર્યા ગયા અને ખોટો દેખાડો કરીને સૈનિકોના જીવન પર ખોખલા રાષ્ટ્રવાદને દેશભક્તિનો ચુંટણીલક્ષી જુમલો બનાવી દીધો.

આજે પણ ગુજરાતના હજારો માછીમારો પાકિસ્તાનની જેલોમાં છે. એટલા માટે, ગામેગામના કરોડો હિન્દુસ્તાનીઓએ મારા પર છેલ્લાં ૩૨ વર્ષથી કરેલો ભરોસો આજે હિન્દુસ્તાનને ફરીથી સમૃદ્દિ, સુરક્ષા અને સન્માન અપાવવા માટે ભરોસો કરવાનો છે. મારું વચન છે કે વચનો આપીશ તે પૂરા કરીશ. હિન્દુસ્થાન નિમણિ દલના ચુંટણી ચિન્હ પાણીની ટાંકી પર મત આપીને જીતાડો અને દેશને આગળ વધારો. આજે લોકસભા ચુંટણીના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. આ ૪૧ ઉમેદવારના નામ તે ક્ષેત્રના સામાન્ય લોકોએ સૂચવેલા છે, દિલ્હીના કરોડો રૂપિયાના પ સ્ટાર પાર્ટી ઓફિસમાં બેસીને બે લોકોએ નક્કી કરેલા નથી. આજ છે, હિન્દુસ્થાન નિમણિ દલની લોકતાંત્રિક શક્તિ.

ડૉ પ્રવીણ તોગડિયાના હિદુસ્થાન નિમણિ દલ (એચએનડી)ના લોકસભા ચુંટણી ૨૦૧૯ના ઉમેદવારોની પહેલી યાદી (કુલ-૪૧)

ગુજરાત

(૧) ગાંધીનગર શ્રી અમરિશભાઈ પટેલ (૨) અમદાવાદ (પૂર્વ) શ્રી ત્રપષિભાઈ વેકરિયા (૩) અમદાવાદ (પશ્ચિમ) (આરક્ષિત એસસી) શ્રી આર. કે. ચૌહાણ (૪) કચ્છ શ્રી પ્રવીણભાઈ ચાવડા (૫) સાબરકાંઠા શ્રી હસમુખભાઈ પટેલ (૬) સુરેન્દ્રનગર શ્રી દારજીભાઈ દેકાવાડિયા (૭) જૂનાગઢ શ્રી ગોપાલભાઈ મોવલિયા (૮) પંચમહાલ શ્રી વિજયસિંહ રાઠોડ (૯) દાહોદ શ્રી રામસંગ કાલારા

ઓડિસા

(૧) કંધમાલ શ્રી બ્રહ્મચારી માધવ ચૈતન્ય (૨) નબરંગપુર શ્રી લલિત મડકામી (૩) બાલાંગીર સરસ્વતી નંદા (૪) કાલાહાંડી શ્રી રાજુ બાસિક (૫) આસકા શ્રી ઈશ્વરચંદ્ર પાત્રા

આસામ

(૧) ગોહાટી શ્રી રાજીવ કાકોતી (૨) બારપેટા શ્રી ભાસ્કર કલિતા (૩) ઢુબરી શ્રી આલોકેશ રોય (૪) ડિબ્રુગઢ અપૂર્વા સૈક્યા (૫) કાલીબોર શ્રી દિજાંતા સૈકિયા (૬) કરીમગંજ શ્રી નિખિલ દાસ (૭) મંગલદોઈ શ્રી મણીરામ બાસુમાતારી

હરિયાણા

(૧) ગુરુગ્રામ શ્રી હરી ડાગર

ઉત્તર પ્રદેશ

(૧) ચંદોલી શ્રી રામખિલાવન રાજભર (૨) સહારનપુર શરી વિરેન્દ્ર ગુર્જર (૪) અલીગઢ શ્રી વિરેન્દ્રપ્રતાપ સિંગ (૪) કૈરાના શ્રીમતી રેખા ગુર્જર (૫) મથુરા શ્રી સુરેશસિંગ ચૌધરી (૬) ફિરોજાબાદ શ્રી માનવેન્દ્ર પ્રતાપસિંહ (૭) બરેલી શ્રી ભાનુપ્રતાપ ગંગવાર (૮) લખીમપુર ખીરી એડવોકેટ મહેશ વર્મા (૯) ઉન્નાવ શ્રી ગજેન્દ્ર પટેલ (૧૦) અકબરપુર શ્રી મનોજ સચાન (૧૧) ઝાંસી શ્રી ધર્મેન્દ્ર કુશવાહા (૧૨) હમીરપુર શ્રી નંદકિશોર પ્રજાપત (૧૩) બાંદા શ્રી ભૂપેન્દ્ર નિષાદ (૧૪) પ્રતાપગઢ શ્રી રામખિલાવન પટેલ (૧૫) બસ્તી શ્રી રોહિત પાઠક (૧૬) લાલગંજ શ્રી જગધારીરામ કનોજિયા (૧૭) જૌનપુર શ્રી શેષમણી મૌર્ય (૧૮) ભદોહી શ્રી વિનોદસમ્રાટ કુશવાહા (૧૯) સલેમપુર શ્રી આર. પી. જિજ્ઞાસુ

પરપ્રાંતિય કિશોરે બાળકનાં ઈન્દ્રીયના ભાગે બચકુ ભરતા અરેરાટી વ્યાપી

સુરત

સુરતના માંગરોલ પાસે આવેલા હથોડાગામે એક કિશોરે એક હરકત કરી કે અહીં અમને લખવામાં પણ આંખમાં પાણી આવી જાય છે. મોડી સાંજે અહીં એક બિહારવાસી મુસ્લિમ કિશોરે એક ૪ મહિનાના બાળકના ઈન્દ્રીયના ભાગે બચકુ ભરી કાપીને મોઢામાં લઈ ભાગી ગયો હોવાની વિચિત્ર ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાને પગલે નવજાત બાળકને તાત્કાલિક સારવાર અર્થે કોસંબા બાદ સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.



બિહારવાસી મુસ્લિમ કિશોરના પરાક્રમને નજરે જોનાર બાળકની માતાએ સિવિલના તબીબોને હકીકત કહેતા ડોક્ટરો પણ આશ્ચર્યમાં પડી ગયા હતા. આ ઘટનામાં બિહારવાસી મુસ્લિમ કિશોર જયારે નવજાત બાળક સાથે બર્બરતા આચરી રહ્યો હતો ત્યારે તેની માતા જોઇ ગઇ હતી, પરંતુ ત્યાં સુધીમાં મુસ્લિમ કિશોરે ઘટનાને અંજામ આપી દીધો હતો. આ ઘટનાને નજરે જોનારી માતા પહેલા તો ગભરાઇ ગઇ હતી. તે શું કરવું અને શું ન કરવું તેને લઇને અસમંજસમાં મૂકાઇ હતી. પરંતુ સમય સૂચકતા પહેલા માસૂમ બાળકને હોસ્પિટલમાં દાખલ કરતા તેનો જીવ બચી ગયો હતો.

આ ઘટના તબીબોએ જાણ્યા બાદ પોલીસને જાણ કરી હતી. જોકે અજીબો ગરીબ બનેલી આ ઘટના બાદ કોસંબા પોલીસે ફરાર કિશોરની શોધખોળ શરૂ કરી છે. આ ઘટનામાં ભોગ બનનાર પરિવાર દાહોદનો વતની હોવાનું જાણવા મળે છે. આ પરિવાર સુરતમાં હથોડા ગામે ઇટ બનાવવાના ભથ્થામાં કામ કરીને પોતાનું જીવન નિર્વાહ ચલાવે છે.

અકસ્માત બાદ સમયસર ન આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ પર હુમલો



અંકલેશ્વર

અંકલેશ્વર અંસાર માર્કેટ પાસે આવેલી તાપી હોટલ નજીક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું જ્યારે બીજા બે વ્યક્તિએ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જે દરમિયા સારવાર અર્થે સ્થાનિક રહીશોએ ગુજરાતમાં ચોવીસ કલાક સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સે ફોન કરી એક્સીડન્ટ વિશે માહિતી આપવામાં આવી હતી. જ્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે સમયસર નહીં આવતા સ્થાનિકો ગુસ્સે ભરાયા હતા. જેના પગલે સમયસર નહીં આવેલી ૧૦૮ના ડ્રાઇવને સ્થાનિક લોકોએ માર માર્યોહતો. સાથે સાથે એમ્બ્યુલન્સનો ઘેરાવ કર્યો હતો. જયારે અન્ય સેવાભાવી લોકો દ્વારા આ ઘટનાને શાંત પાડી હતી. એમબ્યુલન્સ ડ્રાઇવરે હજી સુધી કોઇપણ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

મોદીને ફરીથી પીએમ બનાવવા સુરતી મહિલાઓએ ૧૦૮ કુંડીમાં યજ્ઞ કર્યો



સુરત

લોકસભાની ચૂંટણીનું રણશિગૂં ફૂંકાઈ ગયું છે. ત્યારે દેશની સમગ્ર પાર્ટીઓ સત્તા મેળવવા માટે એડિચોટીનું જોર લગાવી રહી છે. ગુજરાતમાં પણ પીએમ મોદીને ફરીથી સત્તામાં લાવવા માટે અનોખી રીતે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સુરતમા મહિલાઓ દ્વારા નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બને તે માટે ૫૩૨ મહિલાઓ દ્વારા ૧૦૮ કુંડીમા શનિ યજ્ઞ કરવામા આવ્યો હતો. જેમા તેઓએ શનિદેવને નરેન્દ્ર મોદીને ફરીથી લોકસભાની ચૂંટણી જીતાડવા માટે પ્રાર્થના કરી હતી. મોદી વિચાર મંચ દ્વારા કાપોદ્રા સીધ્ધકુટિર મંદિરના સુર્ય પુત્રી તાપી તટે એક શનિ યજ્ઞનું આયોજન હાથ ધરવામા આવ્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલીથી પ્રભાવિત અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતના આશાવાદ સાથે પરમ ભગવતી સાધક તપોનિધી સંત સ્વામી શ્રી વિજયાનંદજી મહારાજની આગેવાનીમાં મોદી વિચાર મંચ દ્વારા આયોજીત ૧૦૮ કુંડીય યજ્ઞ સાંજે છ વાગ્યા સુધી ચાલ્યો અને ત્યારબાદ વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લીધો.

છેલ્લા ૪ વર્ષમાં સુરતમાં ૫૨૬૦૨ દર્દી ટીબીની ઝપેટે ચડ્યા

સુરત

સુરત શહેર અને સુરત જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ટીબીના દર્દીઓનું દર વર્ષે વધારો થઈ રહ્યો છે. જોકે સુરત શહેરમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૭૬૭૧ અને સુરત જિલ્લામાં ૧૪૯૩૧ મળી કુલ્લે ૫૨૬૦૨ ટીબીની ઝપેટમાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકા સીટી ટીબી ઓફિસર ડોક્ટર કે.એન શેલડીયાએ કહ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ટીવી નાટવા અંગે સસ્કૃત સારવાર પદ્ધતિ ડોટ્સની ભલામણ તથા અમલ કરવામાં આવી રહેલ છે. જેના કારણે ખૂબ સારા પરિણામો મળી રહ્યા છે. ભારતમાં ટીબીના ૨૮ લાખ વ્યક્તિઓ સપડાયા છે. જેમાં દર વર્ષે ચાર લાખ વ્યક્તિઓ મોતને ભેટે છે. જોકે ગુજરાતમાં ટીબીના એક લાખ વ્યક્તિઓ ઝપેટમાં આવ્યા છે અને સુરત શહેરમાં છેલ્લા ચાર વર્ષમાં ટીબી ઝપેટમાં ૩૭૬૭૧ આવ્યા છે.

આ ઉપરાંત સુરત જિલ્લા ટીબી અધિકારી ડોક્ટર ધવલ રાઠોડે કહ્યું હતું કે ૨૪મી માર્ચ ૧૮૮૨ મધ રોબટ ખૂબ નામના વૈજ્ઞાનિકે બીબી માટે જવાબદાર બેક્ટેરિયા માઈક્રો બેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસીસ શોધ કરી હતી. તેની યાદમાં સમગ્ર વિશ્વમાં ટીબી દિવસ અંગે લોક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવે છે. વેડ જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ટીબીના ૧૪૯૩૧ કેસ નોંધાયા છે.

રાજપીપળામાં પાલિકાની જગ્યા પર

દબાણ કરી રસ્તો સાંકડો થવા બાબતે ફરિયાદ કરનાર પર બેટ,લાકડી વડે હુમલો

નગરપાલિકાના પૂર્વ સદસ્યા સહીત ૧૧ વિરુદ્ધ ફરિયાદ થતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી

રાજપીપળા

રાજપીપળા સોનીવાડમા આવેલા વિઠ્ઠલનાથજી ના મંદિર પાસે રહેતા મધુબેને પરમારે નગર પાલીકાની જગ્યામા ગેરકાયદે બાંધકામ કરી રસ્તો સાંકડો કરનાર વિરુદ્ધ અરજી કરી હતી. જેની અદાવતે નગર પાલીકાના પૂવ સદસ્યા સહીત ૧૧ વિરુદ્ધ બેટ અને લાકડી જેવા મારક હથીયારો વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ દાખલ થતા શહેરમાં ભારે ચર્ચાએ જોર પકડ્યું હતું .

રાજપીપળા સોનીવાડમા રહેતા નગરપાલીકાના પૂર્વ સદસ્યા દત્તાબેન ગાંધી અને તેમના પતિ તેજસ ગાંધી સહીત ૧૧ સામે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ થતા ચકચાર મચી જવા પામી છે. આ મારામારીમાં ત્રણ જણાને ઈજા થવા પામી . ત્યારે આ બાબતની ફરિયાદ આપનાર મધુબેન સુરસિહ પરમાર (રહે.સોનીવાડ, રાજ પીપળા)એ તેજસ હરનીશ ગાંધી,જયદીપ મહેશભાઈ સોલંકી, દત્તાબેન તેજસભાઈ ગાંધી,પ્રથમભાઇ તેજસ ગાંધી, હરનીશભાઈ ગાંધી, માયાબેન જયદીપભાઈ સોલંકી, રવિભાઈ સવાણી, નિલેશભાઇ સવાણી ,ભાવેશભાઇ રબારી, વજેસીંગ રબારી, ચિરાગપુરોહી (તમામરહે ,રાજપીપળા) સામે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ આપી જણાવ્યું હતું કે તેજસભાઇ ગાંધીએ નગરપાલીકાની જગ્યામા ગેરકાયદેસર બોંધકામ કરી મધુબેનના ઘરમાથી ફળીયામા જવાનો રસ્તો સાંકડો કરી નાખ્યો હતો.જે બાંધકામ દૂર કરવા મધુબેને નગરપાલીકામા અરજી આપી હતી.જે બાબતની રીસ રાખી તેજસભાઇ ગાંધી અને જયદીપભાઇ સોલંકીએ તેમના ઘરના ઓટલા ઉપર ઉભા રહી ગાળો બોલી બાંધકામ માટે અરજીની રીસ રાખી વાંધો ઉઠાવી બેટ તથા લાકડી વડે હુમલો કરતા સુરસિંહભાઈ પરમારને બેટ માથામા વાગી ગયુ હતું.બાકીના અન્ય એ પણ એકસંપ થઈને ગેરકાયદેસર મંડળી બનાવી લાકડી વડે અને ઢીકાપાટુનો મારમાર્યો હતો.આ ઝઘડામાં છોડાવવા વચ્ચે પડતા અનીતાબેન તથા પારૂલબેનને બેટ મારી ઢીકાપાટુનો માર મારી ઈજા પહોચાડી હતી રાજપીપળા પોલીસે ૧૧ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ પીએસઆઈ આરપી ભરવાડ કરી રહ્યા છે.

રાજપીપળા શહેરમાં પાલિકાના બાકી વેરાની નોટિસ બાદ ચીફ ઓફિસરની કડક કાર્યવાહીથી ફફડાટ



એક વર્ષ કરતા વધુ સમયથી પાંચ હજારથી વધુના બાકી વેરા વાળા ઘરોના પાણીના કનેકશન કાપવા કડક સૂચના બાદ શનિવાર થી કનેકશન કાપવાની કામીરી શરૂ કરાઈ

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકાની આર્થિક સ્તિથી ઘણા વર્ષોથી નબળી છે કરોડોનું લાઈટ બિલ બાકી છે સાથે હંગામી કર્મચારીઓના પગારના પણ ફાંફા હોય ત્યારે સ્વાભાવિક છે કે પાલિકા સત્તાધીશો એક માત્ર વેરાની આવક બાબતે કડાઈ કરે અને હાલ એક વર્ષ કરતા વધુ સમયથી જે લોકોએ વેરા ભરવા બાબતે તસ્દી લીધી નથી અને પાંચ હજારથી વધુ જેની રકમ બાકી બોલે છે એવા લોકોની એક યાદી બનાવી આ તમામને નોટિસ આપવા છતાં પણ જેમની ઊંઘ ન ઉડી હોય તેવા ગ્રામજનોની ઊંઘ ઉડાડવા પાલિકાના કડક ચીફ ઓફિસર અમિત પંડ્યા એ લાલ આંખ કરી અને ટીમને સૂચના આપી આવા લોકોના પાણીના કનેકશન કાપી નાખવા જણાવતા શનિવારે રાજપીપળાના કેટલાક વિસ્તારમાં પાણીના કનેકશન કાપતાં વેરો નહીં ભરનારા લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

જોકે એ પૈકી અગિયાર જેવા લોકોએ સ્થળ પરજ વેરાની એક લાખ રૂપિયા જેવી રકમ ભરપાઈ કરી હતી જયારે બે ઘરના પાણીના કનેકશન કાપ્યા હતા .

વેરો નહીં ભરનારા લોકોને નોટિસ બાદ વસુલાત અને જરૂર પડે સીલ મારવા માટે સૂચના આપી છે : અમિત પંડ્યા

આ બાબતે ચીફ ઓફિસર અમિત પંડ્યા એ જણાવ્યું કે પાંચ હજારથી વધુની રકમ એક વર્ષ કરતા વધુ સમય થવા છતાં નહીં ભરનારા લોકો માટે કડક થવું પડ્યું જેમાં પાણીના કનેકશન , જાતી દ્વારા વેરાની વસુલાત કરવા કર્મચારીઓને સૂચના આપતા શનિવારે કડક કાર્યવાહી જોતા ૧૧ લોકોએ એક લાખ થી વધુની રકમ ભરપાઈ કરી છે અને બે પાણીના કનેકશન કટ કર્યા છે. હજુ આગળ કામગીરી ચાલુ છે.

ઘરના પાણીના કનેકશન કટ કરવા અને દુકાનોને સીલ મારવા જતા ૧૧ લોકોએ એક લાખ રૂપિયા જેવો બાકી વેરો તાત્કાલિક ભરપાઈ કર્યો જયારે બે લોકોના પાણીના કનેકશન કટ કર્યા

રાજપીપળાના સોનીવાડમાં નજીવી બાબતે પડોસીઓ વચ્ચે મારામારીમાં ત્રણ ને ઈજા, કુલ ૧૧ સામે ફરિયાદ

રાજપીપળા

રાજપીપળા સોનીવાડમા આવેલા વિઠ્ઠલનાથજી ના મંદિર પાસે રહેતા મધુબેને પરમારે નગર પાલીકાની જગ્યામા ગેરકાયદે બાંધકામ કરી રસ્તો સાંકડો કરનાર વિરુદ્ધ અરજી કરી હતી. જેની અદાવતે નગર ૧૧ વિરુદ્ધ બેટ અને લાકડી જેવા મારક હથીયારો વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ દાખલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ફરિયાદ આપનાર મધુબેન સુરસિહ પરમાર (રહે. સોનીવાડ, રાજપીપળા) એ તેજસભાઈ ગાંધી, જયદીપ મહેશભાઇ સોલંકી, દત્તાબેન તેજસભાઇ ગાંધી,પ્રથમભાઇ તેજસ ગાંધી, હરનીશભાઇ ગાંધી, માયાબેન જયદીપભાઇ સોલંકી, રવિભાઈ સવાણી, નિલેશભાઇ સવાણી, ભાવેશભાઇ રબારી, વજેસીંગ રબારી, ચિરાગપુરોહી સામે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ આપી જણાવ્યું હતું કે તેજસભાઇ ગાંધીએ નગરપાલીકાની જગ્યામા ગેરકાયદેસર બોંધકામ કરી તેમના ઘરમાથી ફળીયામા જવાનો રસ્તો સાંકડો કરી નાખ્યો હતો.જે બાંધકામ દૂર કરવા મધુબેને નગરપાલીકામા અરજી આપી હતી.જે બાબતની રીસ રાખી તેજસભાઇ ગાંધી અને જયદીપભાઇ સોલંકીએ તેમના ઘરના ઓટલા ઉપર ઉભા રહી ગાળો બોલી રીસ બેટ તથા લાકડી વડે હુમલો કરતા સુરસિંહ પરમારને બેટ માથામા વાગી ગયુ હતું.બાકીના અન્યો એ પણ એકસંપ થઈને ગેરકાયદેસર મંડળી બનાવી લાકડી વડે અને ઢીકાપાટુનો મારમાર્યો હતો.આ ઝઘડામાં છોડાવવા વચ્ચે પડેલા અનીતાબેન તથા પારૂલબેનને બેટ મારી ઢીકાપાટુનો માર મારી ઈજા પહોચાડી હતી ફરિયાદ ના આધારે રાજપીપળા પોલીસે ૧૧ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ પીએસઆઈ આરપી ભરવાડ કરી રહ્યા છે.

નાંદોદના ગોપાલપુરા ગામમાં રહેતા પતિ પત્ની વચ્ચે મનમેળ ન રહેતા પત્ની વિરુદ્ધ રાજપીપળા પોલીસમાં ફરિયાદ

સોસીયલ મીડિયાના માધ્યમથી બદનામ કરવા બાબતે પોતાની પત્ની વિરુદ્ધ પતિએ ફરિયાદ આપતા ચકચાર

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગોપાલપુરા ગામમાં એક અજીબ કિસ્સો સામે આવ્યો છે .જેમાં પતિ એજ પોતાની પત્ની વિરુદ્ધ રાજીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવતા ચકચાર મચી છે જેમાં સમગ્ર ઘટના એમ છે કે આ કામના ફરિયાદ આપનાર પતિ સંદીપસિંહ રણજીતસિંહ ગોહિલ અને તેમની પત્ની ઉર્વશીબહેન વચ્ચે મન મેળ ન રહેતા અને પત્નીએ વડોદરા મહિલા પોલીસ સ્ટેશનમા તેના પતિ તથા તેના ઘરના માણસો વિરૂધ્ધમા અરજી આપેલ હતી

ત્યારે પતિ સંદિપસિંહ રણજીતસિંહ ગોહિલ રહે.ગોપાલપુરા એ હાલ રાજપીપળા પોલીસમાં આપેલી ફરિયાદ એવી છે કે તેમની પત્ની ઉર્વશીબેન સંદિપસિંહ ગોહિલ રહે.૧૦૧ સન ફલાવર વલ્લભ રેસીડન્સી વડોદરા એ તેના અને ઘરના માણસો વિરુદ્ધ અરજી કરેલ એ સંદર્ભે પોલીસ દ્વારા અરજીમા કરેલ આક્ષેપો બાબતે પત્ની પાસે પુરાવા માંગતા જેતે વખતે કોઇ પુરાવા ન હોય તે રજુ કરી શકી નહીં અને પત્ની દ્વારા તેના પતિને બદનામ કરવા માટે તેના પતિની જાણ બહાર તેના ફેસબુક એકાઉન્ટ પાસવર્ડનો અપ્રમાણિકતાથી ઉપયોગ કરી ફેસબુક એકાઉન્ટ માથી પોતાના ફેસબુક એકાઉન્ટના મેસેન્જર પર ગંદા અને અભદ્ર લખાણ લખેલા મેસેજ કર્યા છે. અને આ મેસેજો સમાજના લોકોને બતાવી પતિની બદનામી કરી ગુન્હો કર્યો તે બાબતે રાજપીપળા પોલીસે પત્ની વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે જેની તાપસ પોલીસ ઈન્સ્પેકટર આર. એન. રાઠવા કરી રહ્યા છે.

ભરૂચ લોકસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર તરીકે મનસુખભાઇ વસાવા જાહેર : છઠ્ઠી વખત ચૂંટણી લડશે

રાજપીપા : ઘણા દિવસો થી ભરૂચ લોકસભાની બેઠક માટે ભાજપ માંથી કોનું નામ ખુલશે તે અંગે અટકળોનો અંત આવતા આજે ભાજપ તરફ થી જાહેર થયેલ યાદી માં ભરૂચના સાંસદ મનસુખ વસાવાને રિપીટ કરતાં સમગ્ર ભરૂચ અને નર્મદા પંથક માં ખુશીનું મોજું ફરી વળ્યું હતું.



અત્રે એ ઉલ્લેખનીય છે કે મનસુખભાઈ વસાવા છઠ્ઠી વાર ચૂંટણી લડશે રાજપીપલાના રહેવાસી મનસુખ વસાવાને ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર વિશ્વાસ મૂકીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે

મનસુખ વસાવા તત્કાલીન સાંસદ સ્વ ચંદુભાઈ દેશમુખના નિધન બાદ ૧૯૯૮ માં પ્રથમ વાર ભરૂચ લોકસભા બેઠક માટે ચૂંટણી લડીને જીત્યા હતા બાદમાં ૧૯૯૯,૨૦૦૪,૨૦૦૯,૨૦૧૪ હવે ફરી એક વાર પાર્ટી એ તેમના ઉપર પસંદગીની મોહર લગાવી છે મનસુખ વસાવા અવારનવાર જાહેર મંચ પરથી જ પ્રજાકીય પ્રશ્નો ઉઠાવતા રહ્યા છે અને પ્રજા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને પ્રજાના પ્રશ્નોને ભલે તેમની જ સરકાર સામે કેમ ન હોય વાચા આપવાનું ચુકતા નથી ત્યારે તેઓને ટિકિટ મળતા જ ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખુશીની લહેર ફરી વળી છે. જો કોંગ્રેસ અને બિટીપી ગઠબંધન ન થાય તો ભરૂચ બેઠક ઉપર ત્રિકોણીય જંગ સર્જાઈ શકે છે , જે રસપ્રદ રહેશે તેમ લોક ચર્ચાઓ ચાલી રહી છે.

રાજપીપળા પાસેના ભદામ ગામના નિરાધાર લોકોને ટાઇગર ગ્રુપ ભદામના કાર્યકર્તાઓ દ્વારા અનાજ કીટનું વિતરણ



રાજપીપળા : નાંદોદ તાલુકાના ભદામ ગામે કેટલા ઘરો એવા છે જ્યાં તેમનો કોઈ આધાર નથી તેમજ વૃદ્ધ મહિલાઓ જ ઘર ગ્રહસ્થી ચલાવે છે તેમની વધુ ઉંમરને કારણે તેઓ કામકાજ કરી શકતા ન હોવાથી અને ઘરમાં કોઈ આવક પણ ન હોવાથી તેઓને એક ટંકનું ભોજન પણ નસીબ થતું નથી ત્યારે આવા નિઃસહાય લોકો માટે ટાઇગર ગ્રુપ ભદામ ના કાર્યકર્તા દ્વારા એક ખાસ અભિયાન શરુ કરવામાં આવ્યું છે જેમાં આવા પરિવારને ઘઉં, ચોખા, તેલ અને અનાજ જેવી જરૂરી વસ્તુઓની કીટનું વિતરણ કરી માનવતાનું ઉદાહરણ પાર પડ્યું હતું જેમાં ટાઇગર ગ્રુપ નર્મદાના અધ્યક્ષ પ્રેમભાઈ વસાવા એ ભદામ ગામના આ સેવા કાર્યમાં હાજરી આપી જણાવ્યું હતું કે ટાઇગર ગ્રુપ નર્મદા હંમેશા આવા સેવાકાર્ય કરવા તત્પર રહે છે જેમા કોઈ પણ તાલુકો કે કોઈ પણ ગામ હોય અને જ્યાં પણ જેને પણ મદદની જરૂર હશે તેની મદદે હંમેશા અમે ઉભા રહીશું .હવે તમામ એવા ગામોમા કાર્યકર્તા પ્રવાસ કરશે કે જ્યાં નિરાધાર ગરીબ લોકોને મદદની જરૂર છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement)
અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847